Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# આત્માનન્દ પ્રકાશ.

( દર માસની પૂર્ણિમાએ પ્રકટ થતું માસિકપત્ર. )

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

कारुण्यान्न सुधारसोऽस्ति हृदयद्रोहान्न हालाहलं ।
वृत्तादस्ति न कल्पपादप इह क्रोधान्न दावानलः ॥
संतोषादपरोऽस्ति न प्रियसुहृल्लोभान्न चान्यो रिपु ।
र्युक्तायुक्तमिदं मया निगदितं यद्रोचते तत्त्यज ॥

પુ૦ ૨૭ મું. વીર સં. ૨૪૫૬. સં. ૧૯૮૬ આષાઢ. આત્મ સં. ૩૫. અંક ૧૨ મો.

પ્રકાશક—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

## વિષયાનુક્રમણિકા.


| | | |
|---|---|---|
| ૧ | તે જીન બાલક ધર્મ તમારો ... ... ... | ... ૩૦૩ |
| ૨ | ગુરૂ વંદન ... ... ... ... ... | ... ૩૦૪ |
| ૩ | ચારિત્ર-બંધારણમાં કેટલાક ખાસ અગત્યના ગુણો... ... | ... ૩૦૫ |
| ૪ | રાગ અને દ્વેષના ભેદો ... ... ... ... | ... ૩૦૭ |
| ૫ | શ્રી મહાવીર પ્રભુનો ઉપદેશ અને તે સમયની સ્થિતિ. ... | ... ૩૧૨ |
| ૬ | ખરી જરૂર શાની છે? હવે કંઇ જાગી જુઓ ! ... ... | ... ૩૧૫ |
| ૭ | બ્રહ્મચર્ય ... ... ... ... ... | ... ૩૧૬ |
| ૮ | વચનામૃતો .... ... ... ... ... | ... ૩૧૮ |
| ૯ | આત્માના ૭ ભયાનક શત્રુ ... ... ... | ... ૩૨૨ |
| ૧૦ | પ્રકીર્ણ. ... ... ... ... ... | ... ૩૨૬ |
| ૧૧ | સ્વીકાર અને સમાલોચના. ... ... ... | ... ૩૨૭ |


મુદ્રક:—શા. ગુલાબચંદ લલ્લુભાઇ. આનંદ પ્રિ. પ્રેસ સ્ટેશન રોડ—ભાવનગર.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી આત્માનંદ પ્રકાશના સુજ્ઞ ગ્રાહકોને ભેટ.

શ્રી આત્માનંદ પ્રકાશના પુસ્તક ( ૨૭–૨૮ ) ના આ વર્ષની ભેટ તરીકે જૈન ઐતિહાસિક ગ્રંથ “ સુકૃતસાગર યાને માંડવગઢનો મહાન મંત્રીશ્વર ” ભેટ આપવાનો તૈયાર થઈ ગયેલ છે.

જે મહાન પુરૂષનું ચરિત્ર આ ગ્રંથમાં આવેલ છે તે પૃથ્વીધર ( પેથડ કુમાર ) વિક્રમની તેરમી સદીમાં ( અત્યારના ધાર સ્ટેટ તાબે ) માંડવગઢમાં થયેલ છે. માંડવગઢના ઉપર પણ કાળચક્ર ફરી ગયેલ છતાં હાલ તે જૈનની તીર્થભૂમિ તરીકે નાનું ગામ ગણાય છે. તે વખતે આ શહેરનો મધ્યાન્હ કાળ હતો. આ પેથડકુમારે પોતાની દરિદ્રાવસ્થામાં કેવા પ્રકારનું ધૈર્ય રાખ્યું અને ઉન્નતાવસ્થા ( લક્ષ્મી પ્રાપ્ત થયા પછી )માં પોતાના દ્રવ્યનો કેવી રીતે સન્માર્ગે વ્યય કરી કેવા પ્રકારે દેવ, ગુરૂ, ધર્મની સેવા કરી તેના અનેક પ્રસંગો વાંચતાં કોઇ પણ ભવ્યાત્માને ધર્મ સન્મુખ કરે છે. પેથડશાહે પાંચ લાખ ટંકનું પરિગ્રહ પરિમાણ કર્યા પછી, ઉપરાંત દ્રવ્યની વૃદ્ધિ થતાં ગુરૂભક્તિમાં, જિન ચૈત્ય બનાવવામાં, દાનશાળાઓ ખુલ્લી મુકવામાં, તીર્થયાત્રા અને સ્વામીભાઇની ભક્તિ વગેરેમાં અપરિમિત દ્રવ્યનો વ્યય કર્યો. બત્રીશ વર્ષની યુવાન વયે સ્ત્રી સહિત બ્રહ્મચર્ય વ્રતનો સ્વીકાર કર્યો અને આખું જીવન દેવ, ગુરૂભક્તિ અને શુદ્ધ આચાર–વિચારપૂર્વક વ્યતીત કર્યું, સાથે તેમના સુપુત્ર ઝાંઝણે ચતુર્વિધ સંઘ સાથે જુદા જુદા તીર્થોની યાત્રાઓમાં દેવ, ગુરૂ, ધર્મ, સ્વામીભાઈની અપૂર્વ ભક્તિ અપરિમિત દ્રવ્ય ખરચી કરી, તે પણ એક ધાર્મિક ઉચ્ચ ભાવના સાથે ઐતિહાસિક સાહિત્ય પણ પુરૂં પાડે છે. તે બધા અપૂર્વ, અલૌકિક, અનુકરણીય સત્ય ઘટનાના પ્રસંગો વાંચતાં મુમુક્ષુ આત્માઓને છલાછલ આત્મિક આનંદ થવા સાથે તેવા જૈન કુળભુષણ નરરત્ન થવા જિજ્ઞાસા થાય છે. સાથે મનનપૂર્વક પઠન પાઠન કરનાર ભવ્યાત્માને ઉત્તરોત્તર મોક્ષમાર્ગે લઇ જાય છે.

ગયા વર્ષની જેમ આ બે વર્ષ માટે પણ આવા ઐતિહાસિક કથાનક ગ્રંથ અમારા સુજ્ઞ ગ્રાહકોને ભેટ આપવામાં આવે છે.

અશાડ શુદ ૧૫ થી અમારા માનવંતા ગ્રાહકોને બે વર્ષના લવાજમ સાથે પોસ્ટેજ પુરતા, તથા લવાજમ અગાઉ ભરેલ બંધુઓને માત્ર પોસ્ટેજ પુરતા પૈસાનું વી૦ પી૦ કરી ભેટનું પુસ્તક મોકલવું શરૂ કરેલ છે. જે સ્વીકારી લેવા નમ્ર સુચના છે. કોઈ પણ ગ્રાહક મહાશયે વી૦ પી૦ પાછું વાળી નાહક જ્ઞાનખાતાને નુકસાન ન કરવા વિનંતિ છે.

## પર્યુષણ પર્વમાં થતાં મહાવીર જન્મ મહોત્સવ માટે એક સગવડ.

અમારા સાંભળવામાં આવ્યું છે કે કેટલાક ગામમાં ઘોડીઆ પારણા નહીં હોવાથી પર્યુષણ પર્વમાં મહાવીર જન્મ મહોત્સવ થતો નથી, તેથી તેનો પ્રચાર કરવા માટે આ સભાના એક આગેવાન સભાસદ તરફથી રૂપાના ઘોડીઆ પારણા શેઠ ગિરધરલાલ આણંદજી તથા શા દામોદરદાસ ગોવીંદજીની દેખરેખ નીચે તૈયાર કરાવી જે ગામના સંઘને જરૂર હશે તેને અમુક સરતે સગવડ કરી આપવામાં આવશે. માટે રૂબરૂ મળી ખુલાસો કરી જવો અને જરૂર જણાય તો પત્રવ્યવહાર આ સભાના સીરનામે કરવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# आत्मानन्द प्रकाश.

( પુસ્તક ૨૭ મું )

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

कारुण्यान्न सुधारसोऽस्ति हृदयद्रोहान्न हालाहलं ।
वृत्तादस्ति न कल्पपादप इह क्रोधान्न दावानलः ॥
संतोषादपरोऽस्ति न प्रियसुहृल्लोभान्न चान्यो रिपु-
र्युक्तायुक्तमिदं मया निगदितं यद्रोचते तत्यज ॥

(પુ૦ ૨૭ મું) વીર સં. ૨૪૫૫-૫૬. આત્મ સં. ૩૪-૩૫. અંક ૧ થી ૧૨.

પ્રકટકર્ત્તા—

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

વાર્ષિક મુલ્ય રૂા. ૧-૦-૦ ટપાલ ખર્ચ ૦-૪-૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વાર્ષિક અનુક્રમણિકા.


| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | વર્ષારંભે મંગલ આરાધન (કાવ્ય) | સંઘવી વેલચંદ ધનજી... ... | ૧ |
| ૨ | નૂતનવર્ષનું મંગલમય વિધાન. | સભા ... ... ... | ૩ |
| ૩ | સુખ તથા સાફલ્ય. | વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ. B. A. | ૯ |
| ૪ | અનુભવ વચનો. | સદ્દગુણાનુરાગી શ્રીકર્પૂરવિજયજી મહારાજ | ૧૪ |
| ૫ | પ્રશ્નોત્તર સમશ્યાઓ. (કાવ્ય) | છગનલાલ નહાનચંદ નાણાવટી | ૧૬. ૩૮.૧૩૦ |
| ૬ | ભરમ પછવાડેનો ભેદ. | નરોત્તમ બી. શાહ ... ... | ૧૭ |
| ૭ | સમાધિ. | એક મુનિ મહારાજશ્રી ... | ૧૯ |
| ૮ | આરોગ્યતા. શરીરપર મનની અસર. | આત્મવલ્લભ. ... ... | ૨૧ |
| ૯ | પ્રકીર્ણ. | સેક્રેટરી | ... ૨૨, ૨૭૨, ૩૦૧, ૩૨૬. |
| ૧૦ | સ્વીકાર અને સમાલોચના. | | ૨૩, ૭૯, ૧૦૩, ૧૨૮, ૧૪૮, ૧૭૫, ૨૨૧, ૨૪૮. ૨૭૩, ૩૦૨, ૩૨૭. |
| ૧૧ | વાર્ષિક માગી ( કાવ્ય ) | સંઘવી વેલચંદ ધનજી ... | ૨૫૦ |
| ૧૨ | શ્રી તીર્થંકર ચરિત્ર. | મુનિરાજ શ્રી દર્શનવિજયજી મહારાજ | ૨૬, ૬૭, ૮૩, ૧૧૯, ૧૩૭, ૨૨૬, ૨૫૦ |
| ૧૩ | આપણી શાસન સમૃદ્ધિ. | આત્મવલ્લભ ... ... | ૩૧ |
| ૧૪ | શ્રીવિજયવલ્લભસૂરિનું રચનાત્મક કાર્ય. | નાનકચંદજી પંજાબી. ... | ૩૬ |
| ૧૫ | શ્રીશંખેશ્વર પાર્શ્વનાથચૈત્યવંદનમ્ (કાવ્ય) | રચ૦ આચાર્ય શ્રીઅજિતસાગરસૂરિ... | ૪૦ |
| ૧૬ | કાર્ય અને આશા. | વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ. B. A. ... | ...૪૧, ૭૪, ૯૮, ૧૩૩ |
| ૧૭ | ખરા પુરૂષાર્થ. યોગે સિદ્ધ પરમાત્માને પ્રાપ્ત થયેલા આઠ ગુણો અને તેથી થતો આત્મલાભ. | સદ્દગુણાનુરાગી કર્પૂરવિજયજી મહારાજ ... | ૪૪ |
| ૧૮ | વર્તમાન પ્રકરણ સંબંધી ચર્ચાપત્ર. | જાણકાર. ... ... ... | ૪૫ |
| ૧૯ | શ્રીમહાવીરનાં મહાન્ કાર્યો. (કાવ્ય) | છગનલાલ નહાનચંદ નાણાવટી. | ૫૧ |
| ૨૦ | શ્રીમદ્દ્વિજયહીરસૂરિગુણાષ્ટકમ્. (કાવ્ય) | રચ૦ આચાર્ય શ્રી અજિતસાગરસૂરિ. | ૫૮ |
| ૨૧ | નશીબની ઉત્પત્તિ કયાંથી છે ? | એક મુનિ શ્રી ... ... | ૬૦ |
| ૨૨ | વર્તમાન સમાચાર. | | ૬૬, ૧૦૨, ૧૪૭, ૧૪૮, ૨૧૪, ૨૪૭, ૨૭૦, ૨૯૮ |
| ૨૩ | સૂક્ત વચનો. | સદ્દગુણાનુરાગી શ્રી કર્પૂરવિ૦ મ૦ | ૭૧, ૧૩૨ |
| ૨૪ | પુરૂષાર્થ. | આચાર્યશ્રી વિજયકેસરસૂરિ મહારાજ | ૭૬ |
| ૨૫ | વર્ષારંભ વા વીરજયંતિ ( કાવ્ય ) | સંઘવી વેલચંદ ધનજી ... | ૮૧ |
| ૨૬ | શ્રી વીરવંદન ( કાવ્ય ) | ' રા. નિર્મળ. ' ... ... | ૮૨ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | | |
|---|---|---|---|
| ૨૭ | જૈન ઐતિહાસિક સાહિત્ય. | આત્મવલ્લભ ... ... | ૮૭ |
| ૨૮ | સોડહં ( કાવ્ય ) | કાન્તિલાલ જેઠાલાલ શાહ ... | ૯૪ |
| ૨૯ | શ્રી મહાવીર મોક્ષ વિલાપ (કાવ્ય) | મુનિમહારાજશ્રી હિમાંશુવિજયજી. | ૯૫ |
| ૩૦ | પ્રકીર્ણ–બોધ | સદ્‌ગુણાનુરાગી શ્રીકર્પૂરવિ૦ મહારાજ. | ૧૦૧ |
| ૩૧ | વીર કોણ ? કાયર કોણ ? (કાવ્ય) | ઝવેરચંદ છગનલાલ ... | ૧૦૫, ૧૦૬ |
| ૩૨ | ગૃહિણી ગુણ ગીતા ( કાવ્ય ) | સંઘવી વેલચંદ ધનજી ... | ૧૦૬ |
| ૩૩ | વ્યવહારદશામાં વિચરનાર ચિત્તને બોધ. | આત્મવલ્લભ ... ... | ૧૦૮ |
| ૩૪ | મનોરથોની ઉપયોગીતા અનેબળ. | સદ્‌ગુણાનુરાગી શ્રીકર્પૂરવિ૦ મહારાજ | ૧૧૩ |
| ૩૫ | હિતરૂપ સુક્ત વચનો. | ,, ,, ,, | ૧૧૫ |
| ૩૬ | શ્રી પાર્શ્વનાથ પ્રભુ સ્મરણનો મહિમા. | આત્મવલ્લભ ... ... | ૧૧૭ |
| ૩૭ | શ્રી સંઘ મહાત્મ્ય સ્તુતિ. | મુનિરાજશ્રી ન્યાયવિજયજી મહારાજ ... ... | ૧૨૫, ૧૬૫, ૨૦૩ |
| ૩૮ | પંચ મહાવ્રત રેખાદર્શન ( કાવ્ય ) | સંઘવી વેલચંદ ધનજી ... | ૧૨૯ |
| ૩૯ | કાર્યવાહકોની મહત્તા. | આત્મવલ્લભ ... ... | ૧૩૬ |
| ૪૦ | જૈનોની સામાજીક સ્થિતિ અને બેકારી. | નરોત્તમ બી. શાહ... ... | ૧૪૨ |
| ૪૧ | સુખનું સંશોધન. | નંદલાલ વનેચંદ દફતરી ... | ૧૪૪ |
| ૪૨ | આગામી મળવાની જૈન કોન્ફરન્સ માટે સૂચના. | ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ... ... ... ... | ૧૪૬ |
| ૪૩ | આ સભાની વર્તમાન સ્થિતિ અને આવક જાવક, હીસાબ, સરવૈયું. | સેક્રેટરી ... ... ... | ૧૫૧ |
| ૪૪ | ભાવરંગ ( કાવ્ય ) | છગનલાલ નહાનચંદ નાણાવટી | ૧૫૯ |
| ૪૫ | જડ–ચૈતન્ય વિષમશમ વર્તનાષ્ટક (કાવ્ય) | સંઘવી વેલચંદ ધનજી ... | ૧૬૦ |
| ૪૬ | જૈનસામાજમાં પુસ્તકાલયોની પ્રવૃત્તિની. આવશ્યકતા અને સભાનો સત્કાર. | સભા ... ... ... ... ... ... | ૧૬૨ |
| ૪૭ | સુભાષિત મણિરત્ન. | ભાયાણી હરિલાલ જીવરાજભાઇ | ૧૬૯ |
| ૪૮ | જીવન સંસ્કૃતિ. | કસ્તુરચંદ હેમચંદ દેશાઇ ... | ૧૭૦ |
| ૪૯ | આત્મ વિશ્વાસ. | વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ B. A. | ૧૭૨, ૨૧૫, ૨૬૬, ૨૯૨. |
| ૫૦ | તેરમી શ્રી જૈનશ્વેતાંબર કોન્ફરન્સ (જુન્નેર) હેવાલ. | સભા | ૧૭૬ |
| ૫૧ | પ્રેરણાત્મક ગુણાનુવાદ (કાવ્ય) | સંઘવી વેલચંદ ધનજી ... | ...૧૯૯ |
| ૫૨ | શ્રી તીર્થાધીરાજ નામ સાર્થક તત્ત્વ દોહન (કાવ્ય) | ,, ,, ,, ... | ...૨૦૦ |
| ૫૩ | ગુરૂતત્વાષ્ટકમ (કાવ્ય) | સ્વ. આચાર્યશ્રી અજિતસાગર સૂરિ | ...૨૦૧ |
| ૫૪ | સમકિતની છ ભાવના. | સદ્‌ગુણાનુરાગી શ્રી કર્પૂરવિજયજીમહારાજ. | ૨૦૨ |
| ૫૫ | જ્ઞાન ગર્ભિત વૈરાગ્યનું મહાત્મ્ય. | ,, ,, | ...૨૦૯. |
| ૫૬ | ધર્મ નાવ. (કાવ્ય). | કાન્તિલાલ જે. શાહ ... | ...૨૧૦. |
| ૫૭ | ભૂલ્યો બાજી. | નંદલાલ વનેચંદ દફતરી... | ...૨૧૧. |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | | |
|---|---|---|---|
| ૫૮ | જયજિનાગમ્ (કાવ્ય) | કાન્તિલાલ જે. શાહ ... | ...૨૧૪. |
| ૫૯ | અર્થ પ્રયોજન અર્થ ઉપાર્જન કરવાની દિશા. | સદ્ગુણાનુરાગી શ્રીકર્પૂરવિજયજી મહારાજ | ..૨૧૮. |
| ૬૦ | ખરૂં સુખ સંતોષવૃત્તિમાં છે તે ન ભુલશો. | ,, ,, ,, | ...૨૧૮. |
| ૬૧ | સુધારો. | સભા ... ... | ...૨૨૨. |
| ૬૨ | પંચમહાવ્રત રેખાદર્શન (કાવ્ય) | સંઘવી વેલચંદ ધનજી ... | ...૨૨૩. |
| ૬૩ | માનવભવની દુર્લભતાના દશ દ્રષ્ટાંત.(કાવ્ય) | સંગ્રાહક કસ્તુરચંદ હેમચંદ દેશાઇ | ...૨૨૪. |
| ૬૪ | શ્રી પાટણના જૈન જ્ઞાન ભંડારો. | મગનભાઇ ભ. આમીન | ...૨૩૦–૨૫૩. |
| ૬૫ | સમાનભાવ. | સદ્ગુણાનુરાગી શ્રીકર્પૂરવિજયજી મ૦ | ૨૪૫. |
| ૬૬ | ગુરૂગમ લેવા તેમજ સેવાની આવશ્યકતા. | ,, ,, ,, | ...૨૪૫. |
| ૬૭ | પુરૂષાર્થ. | ,, ,, ,, | ...૨૪૬. |
| ૬૮ | સમયનો ઉપયોગ. | ,, ,, ,, | ...૨૪૬. |
| ૬૯ | સુબોધક રસઝરણુ (કાવ્ય) | સંઘવી વેલચંદ ધનજી ... | ...૨૪૯. |
| ૭૦ | ધર્મ. | શ્રમણોપાસક ... ... | ...૨૬૪. |
| ૭૧ | જૈન કોને કહીયે ? (કાવ્ય) | સ્વ. આચાર્યશ્રી અજિતસાગરસૂરિ | ...૨૭૫. |
| ૭૨ | હીત–શિક્ષા. | સદ્ગુણાનુરાગી શ્રીકર્પૂરવિજયજી મ૦ | ૨૭૬. |
| ૭૩ | મુનિ મહાત્મ્ય. | આત્મવલ્લભ ... ... | ...૨૭૯. |
| ૭૪ | પ્રગતિને પંથે–પંજાબમાં પ્રભાત. | મહુવાકર ... ... | ...૨૮૩. |
| ૭૫ | બ્રહ્મચર્યના લાભો. | એક મુનિશ્રી ... ... | ...૨૮૮. |
| ૭૬ | કોણે દીઠી કાલ (કાવ્ય) | નંદલાલ વનેચંદ દફતરી... | ...૨૯૬. |
| ૭૭ | શ્રીગુરૂદેવ જયન્તિ મહોત્સવ (કાવ્ય) | સંઘવી વેલચંદ ધનજી. | ...૨૯૭. |
| ૭૮ | આ સભાનો ૩૪ મો વાર્ષિક મહોત્સવ અને શ્રી વિજયાનંદસૂરિશ્વરજી મહારાજની ઉજવાયેલ જયંતી. | સભા ... ... | ...૨૯૮. |
| ૭૯ | તે જીન બાલક ધર્મ તમારો (કાવ્ય) | નંદલાલ વનેચંદ દફતરી. ... | ...૩૦૩. |
| ૮૦ | ગુરૂ વંદન ( કાવ્ય ) | ,, ,, ... | ...૩૦૪. |
| ૮૧ | ચારિત્ર બંધારણમાં કેટલાક અગત્યના ગુણો. | સદ્ગુણાનુરાગી શ્રી કર્પૂરવિજયજી મહારાજ. | ...૩૦૫. |
| ૮૨ | રાગ અને દ્વેષના ભેદો. | અભ્યાસી. ... ... | ...૩૦૭. |
| ૮૩ | મહાવીર પ્રભુનો ઉપદેશ અને તે સમયની સ્થિતિ. | એક મુનિ. ... ... | ...૩૧૨. |
| ૮૪ | ખરી જરૂર શાની છે ? હવે કંઇ જાગી જુઓ ? | સદ્ગુણાનુરાગી શ્રી કર્પૂરવિજયજી મહારાજ. ... ... | ...૩૧૫. |
| ૮૫ | બ્રહ્મચર્ય. | નંદલાલ વનેચંદ દફતરી. ... | ...૩૧૬. |
| ૮૬ | વચનામૃતો. ... ... | એક મુનિ. ... ... | ...૩૧૮. |
| ૮૭ | આત્માના ૭ ભયાનક શત્રુ. | વીઠ્ઠલદાસ મૂળચંદ શાહ B. A. | ...૩૨૨. |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

यथा वा धौतपटो जलार्द्र एव संहतश्चिरेण शोषमुपयाति, स एव च वितानितः सूर्यरश्मिवायुभिर्हतः क्षिप्रं शोषमुपयाति, न च संहते तस्मिन्नभूत स्नेहागमोनापि वितानिते सति अकृत्स्न शोषः, तद्वद्यथोक्त निमित्तापवर्तनैः कर्मणः क्षिप्रं फलोपभोगो भवति, न च कृतप्रणाशाकृताभ्यागमाफल्यानीति ॥

तत्त्वार्थ सूत्र–भाष्य–द्वितीय अध्याय ।

पुस्तक २७ } वीर सं. २४५६ आषाढ आत्म सं. ३५ { अंक १२ मो.

## તે જીન બાલક ધર્મ તમારો.

દાન દયા કરી દેહ દીપાવો, દૂર કરો દીલ દૂશ્મન દાવો;
દીન દુઃખી જન દુઃખ નિવારો, તે જીન બાલક ધર્મ તમારો. ૧

રંક અબોલ અપંગ નિભાવો, કીડી મકોડી હણાતી બચાવો
જીન સમસ્તનું સારૂં વિચારો, તે જીન બાલક ધર્મ તમારો. ૨

વેણ કદી કડવું ન સુણાવો, કોઇનું દીલ જરી ન દુભાવો;
પંખી જનાવર તુચ્છ ન ધારો, તે જીન બાલક ધર્મ તમારો. ૩

રોતું રીબાતું જઈ ઘર લાવો, દ્રવ્ય ન હોય દયા બતલાવો:
કર્મ રૂડા કરી પુણ્ય વધારો, તે જીન બાલક ધર્મ તમારો. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગોચરમાં જઇ ઘાસ નંખાવો, આશીષ લ્યો કરી પાણી પીયાવો;
નાંખી કબુતરને ચણ હારો, તે જીન બાલક ધર્મ તમારો. ૫

રાષ્ટ્રીય આશ્રમ બહાર ચણાવો, બાલ અનાથ સનાથ ભણાવો;
જ્ઞાતિ કુટુંબ સ્વદેશ સુધારો, તે જીન બાલક ધર્મ તમારો. ૬

આદરવી વડી વાંચનશાળા, થાયે પ્રજા ઉરમાં અજવાળા;
બોધક પુસ્તકનેજ વધારો, તે જીન બાલક ધર્મ તમારો. ૭

કલેશ કુસંપતણા મૂળ કાપો, શાંતિ અભેદ ઘરોઘર સ્થાપો;
અંતરથી અભિમાન વિદારો, તે જીન બાળક ધર્મ તમારો. ૮

ગુરૂ વડીલ શિખામણ સુણો, સંઘરવા શિશુના પણ ગુણો;
જીવન ઉન્નતિએ પગ થારો, તે જીન બાળક ધર્મ તમારો. ૯

સંયમ સત્ય દયા તપ તાણો, ભક્તિ વૈરાગ્ય સ્વચિંતન વાણો;
વલ્લભ ધર્મ વણી પટધારો, તે જીન બાળક ધર્મ તમારો ૧૦

દફતરી નંદલાલ વનેચંદ—મોરબી

# ગુરૂવંદન.

હરીગીત છંદ.

અમૃત સમી વિદ્યા દીએ, નીજ બાલ જેવા જાણીને;
સારી શીખામણ આપતા જે, ભાવ અંતર આણીને.
નિઃસ્વાર્થથી સારૂં અમારૂં, ચીંતવી આશીષતા;
તે ધન્ય ધર્મ પિતા ગુરૂનો, ચરણને નમીએ સદા.

N. V. Daftury Morvi.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ચારિત્ર–બંધારણમાં કેટલાક ખાસ અગત્યના ગુણો.

ધૈર્ય-એ ગુણથી ચારિત્રમાં આગળ વધાય છે. ચારિત્ર દૃઢ થતું જાય છે. પ્રત્યેક નિષ્ફળતાનું મૂળ ધૈર્યની ખામી છે. ગમે એવા વિકટ પ્રસંગે પણ હિમ્મત નહીં હારી જતાં, તેમાંથી ગુણ ગ્રહણ કરતા રહી, તેનો પાર જનાર ધૈર્યવંત મનુષ્ય ચારિત્રને સફળ કરી શકે છે. નિરાશા કે શોકના પ્રસંગથી ઘેરાતા લગારે ગભરાયા વગર તેનાં કારણ તપાસવાં અને ધૈર્યને ખીલવવાનાં સાધનો તરીકે તેનો ઉપયોગ કરવો. પ્રમાણિકતા કે સત્યતા, ને સરલતા, એ ચારિત્ર મંદિરની દીવાલોમાં ગરજ સારે છે. તેના ઉપર ચારિત્રનો સઘળો આધાર રહે છે. સત્યનો સાચો ભક્ત હશે તે બીજાને ભૂલવણીમાં નાખવા કદી પ્રયત્ન કરશે નહીં. અન્યને છેતરવાના કામમાં આપણે જાતે તો જરૂર છેતરાઇએ જ છીએ. બીજા તો ન પણ છેતરાય; કારણકે માણસ ગમે એવું કપટ કરે તોપણ મનુષ્યો એકબીજાના હૃદય પારખી જાય છે, અને પછી તો કપટીનો વિશ્વાસ ઉઠી જવાથી તેનું સાચું પણ માર્યું જાય છે, અને તેનો બળાપો થયા કરે છે.

**પ્રેમ–નિઃસ્વાર્થ પ્રેમ** એ ચારિત્ર મંદિરનું રક્ષણ કરનારૂં ઉપયોગી છાપરૂં છે. જેમ મકાનનું બાહ્ય છાપરૂં તાપ અને વરસાદથી રક્ષણ કરે છે તેમ પ્રેમ પણ જ્ઞાન અને ધૈર્યનો અયોગ્ય ઉપયોગ થતો અટકાવે છે. શુદ્ધ પ્રેમ વગરના જ્ઞાન ને ધૈર્ય પણ ભયરૂપ થઇ પડે છે.

પ્રેમનો એકલો શબ્દ લાગણી સૂચક છે પરન્તુ તેમાં માન, પ્રશંસા, પૂજ્યભાવ, ભક્તિભાવ, પરોપકાર, દીલસોજી, દયા, અનુકંપા અને સહાયકવૃત્તિ વિગેરે અનેક સદ્‌ગુણોનો સમાવેશ થઇ જાય છે. આ સર્વે સદ્‌ગુણો પ્રેમમાંથી જ પ્રગટે છે. પ્રેમનો મુખ્ય ગુણ **મિત્રતા** છે અને દૃઢ **મિત્રતા** એજ **બંધુત્વ** છે. તેના ઉપર આપણા આત્મ વિકાસનો મોટો આધાર છે. જો આપણો આત્મા બળવાન, ધૈર્યવાન્ બને તો આપણને આગળ વધતાં કોણ અટકાવી શકે?

**સ્વતંત્રતામાં જ** જીવનનો ખરો આનંદ છે અને સ્વતંત્રતાનો ખરો ઉપયોગ એજ ખરૂં જીવન. કેદમાં સડવું તેના જેટલું જ બંધન પોતાનો સમય વ્યર્થ ગાળવામાં, પોતાનો ધર્મ યથાર્થ નહીં બજાવવામાં અને પોતાની શક્તિનો યોગ્ય ઉપયોગ નહીં કરવામાં છે. એટલા માટે જ બાહ્ય પદાર્થોથી ભય પામવાની જરૂર નથી, પરન્તુ આપણી શકિતઓનો યોગ્ય ઉપયોગ થતો નથી એજ મોટો ભય છે. આપણી ફરજ સદ્‌ગુણોમાં સંપૂર્ણરીતે આગળ વધવાની છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શાસ્ત્રી શબ્દના અર્થનું રહસ્યવાળું ખરૂં શાસ્ત્ર.

૧ **શાસ્** ધાતુ, અનુશિષ્ટ—અનુશાસન અર્થવાળો છે. અને **ત્રૈ** ધાતુ પાલન-રક્ષણ અર્થમાં વાપરવાનો સર્વ વ્યાકરણ શાસ્ત્રીઓએ ઠરાવેલ છે.

૨ રાગદ્વેષને મોહથી ઉદ્ધત ચિત્તવાળા જીવોને સદ્ધર્મ માર્ગે બરાબર વિવેકસર યોજે—જોડે અને વિવિધ જાતનાં દુ:ખથી બચાવે એ રીતે શાસ્ત્રનું નિરૂપણ ઉત્તમ જ્ઞાનીજનોએ કરેલું છે.

૩ એ ઉપરથી એવો જ સાર નીકળે છે કે સારી રીતે સન્માર્ગમાં સ્થાપન કરવાના સામર્થ્યવડે અને દુ:ખથી બચાવવા—રક્ષણ કરવાના નિર્દોષ બળવડે

યુક્ત જ હોય તે ખરૂં શાસ્ત્ર કહેવાય અને સર્વજ્ઞનું વચન તે એવા નિર્દોષ સામર્થ્યવાળું શાસ્ત્ર હોઇ શકે.

---

## ઉપનય સાથે ત્રણ વણિકોનું દૃષ્ટાન્ત.

કોઇ ત્રણ વણિકો પોતપોતાની મૂળની મુડી સાથે લઇને વ્યાપાર કરવા નીકળ્યા તેમાંથી એક વણિક સાવધાનપણે વ્યાપાર કરતો મૂળની પુંજીને વધારવાથી ઘણો લાભ પામ્યો. બીજો વણિક મૂળની પૂંજી લઇને ઘરે આવ્યો અને ત્રીજો વણિક તો મૂળની મુડીને પણ ગુમાવી બેઠો. જેમ વ્યાપાર—વ્યવહારમાં ત્રણ વણિકનું દ્રષ્ટાન્ત દીધું તેમ ધર્મ—વ્યવસાયમાં પણ જાણી લેવું.

મનુષ્ય મરી, તથાવિધ ભદ્રિકતા—સરળતાને દાનરૂચિ વિગેરે શુભ કરણીવડે ફરી મનુષ્યભવ પામે તે મૂળની મુડી સાચવી રાખી જાણવી. મનુષ્યપણામાં પ્રશસ્ત ભાવે તપ—સંયમનું સેવન—આરાધન કરી, ઉચ્ચ દેવગતિ સાધવામાં આવે તે મુળગી મુડીને વધારી લાભ મેળવ્યો જાણવો; અને હિંસા, વિશ્વાસઘાત, ચોરી અને વ્યભિચારાદિક નબળાં કૃત્યો વડે નરક—તિર્યંચ ગતિ ઉપાર્જાય તે મુળગી મુડીને ગુમાવી દીધી સમજવી.

**ભાવના, પરિણામ અને પ્રવૃત્તિ**—એ દરેક પ્રશસ્ત અને અપ્રશસ્ત એમ બે પ્રકારે હોઇ શકે છે અને કોઇપણ કાર્યની સિદ્ધિ માટે ક્રમસર એની જરૂર રહે છેજ. એના વગર કોઇપણ કાર્યની સિદ્ધિ થઇ શકતી નથી એ સંબંધી વિશેષ અધિકાર ગુરૂગમ્ય કે ગ્રંથાન્તરથી સ્વયંમેવ જાણી લઈ અપ્રશસ્તભાવ તજી—તજવા ખપ કરીને પ્રશસ્ત ભાવ આદરવા ઉજમાળ થવું જેથી ઇષ્ટ કાર્ય સિદ્ધ થઈ શકે.

લે૦ સદ્‌ગુણાનુરાગી મુનિરાજ **શ્રી કર્પૂરવિજયજી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# રાગ અને દ્વેષના ભેદો.

આ સંસારમાં સર્વને વિદિત છે કે, ઉત્તમ જીવોએ રાગ તથા દ્વેષનો સર્વથા ત્યાગ કરવો જોઇએ. રાગ અને દ્વેષ એ અનંત સંસારનું મૂલ છે. આ સંસારના પ્રવાહને વધારનારી એ બેજ વસ્તુ છે. જો આત્મા રાગદ્વેષથી નિર્મુકત થાય તો પછી તે મોક્ષનો પુર્ણ અધિકારી બને છે એમાં કોઇ જાતની શંકા રહેતી નથી. ભગવાન્ તીર્થંકરોએ અને જૈન મહર્ષિઓએ તેટલા માટે રાગ દ્વેષ ત્યાગ કરવાનો જ ઉપદેશ કરેલો છે. આત્માની મલિનતા પણ એ ઉભયમાં જ રહેલી છે, જ્યાં સુધી રાગ તથા દ્વેષની મલિન છાયા આત્માને આચ્છાદિત કરે છે, ત્યાં સુધી આત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ જોઇ શકતો નથી. શુદ્ધ દર્શનના સ્વભાવવાળો આત્મા રાગ-દ્વેષના ગાઢ અંધકારમાં અંધ થઇ જાય છે અને તેથી વિવિધ પ્રકારના કર્મોને બાંધે છે.

એકંદર રાગ અને દ્વષ અપ્રશસ્ત ગણાય છે, તોપણ કોઇ કોઇ પ્રસંગે તે પ્રશસ્ત અને આદરણીય મનાય છે. તે વાત જૈન અધ્યાત્મવેત્તાઓએ પોતાના આગમમાં યુકિતપૂર્વક દર્શાવી છે, અને તેના રમણીય દષ્ટાંતો આપી સિદ્ધ પણ કરેલી છે.

રાગનો અર્થ પ્રીતિ થાય છે અને દ્વેષનો અર્થ અપ્રીતિ થાય છે. કોઇ પણ વસ્તુ ઉપર હૃદયથી પ્રીતિ ઉપજે અને તેને સંપાદન કરવાની ઇચ્છા ઉત્પન્ન થાય તે રાગનું શુદ્ધ સ્વરૂપ છે. કોઇ પણ વસ્તુ ઉપર હૃદયથી અભાવ ઉત્પન્ન થાય અને તેને ત્યાગ કરવાની ઇચ્છા થાય તે **દ્વેષ** કહેવાય છે. રાગ કોઈ અપેક્ષાએ પ્રશસ્ત થાય છે અને કોઇ અપેક્ષાએ અપ્રશસ્ત થાય છે, તેવી રીતે દ્વેષ પણ કોઇ અપેક્ષાએ પ્રશસ્ત અને કોઈ અપેક્ષાએ અપ્રશસ્ત થાય છે. એટલે પ્રશસ્ત અને અપ્રશસ્ત એવા બે ભેદ રાગના અને તેવાજ બે ભેદ દ્વેષના થઇ શકે છે. સારા ઉદ્દેશથી ધર્મ ભકિત, નીતિ અને શુભ કામમાં તેમજ પરમાત્મા, ગુરૂ અને સજ્જનો ઉપર જે રાગ કરવો તે પ્રશસ્ત રાગ કહેવાય છે અને તેવા રાગને ધારણ કરનારા રાગી પુરૂષો મહાત્માઓની કોટિમાં ગણાય છે. સત્કાર્યો કરવા રાગી થયેલા પુરૂષો કદિ આ જગતના પ્રપંચમાં પડતા દેખાય અને તેને માટે શુદ્ધ બુદ્ધિથી પ્રવર્ત્તન કરતા હોય તો તેઓનો રાગ પ્રશસ્ત હોવાથી તેઓ પ્રશંસનીય ગણાય છે. આથી કરીને જેઓ સામાજિક શુભ કાર્યોમાં, સ્વજ્ઞાતિ કે સંઘની સુધારણાના કાર્યોમાં રાગ ધરનારા હોય છે, તેઓ પ્રશસ્ત રાગને ધારણ કરનારા સમજવા અને તેઓ રાગી છતાં ધન્યવાદને પાત્ર બને છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતિ ઉપર તેમજ આ સાંસારિક વિષયો ઉપર રાગ ધારણ કરવામાં આવે છે, તે અપ્રશસ્ત રાગ ગણાય છે અને તેવા રાગને ધારણ કરનારા પુરૂષો અપ્રશસ્ત રાગી કહેવાય છે.

આજકાલ આવો રાગ વિશેષ પ્રવર્ત્તે છે. કેટલાકએક તે અપ્રશસ્ત રાગને વશ થઇ જૈન ધર્મની હીલણા કરાવે છે અમુક નગર, અમુક ઊપાશ્રય અને અમુક શ્રાવક તથા શ્રાવિકા ઉપર રાગ ધરનારા મુનિઓ વીર પ્રભુની આજ્ઞાનું ખંડન કરે છે. તેવીજ રીતે ગૃહસ્થ શ્રાવકો પણ અમુક વ્યક્તિ અથવા સંસ્થાપર રાગ કરી બીજાને હાનિ પહોંચાડવાના કામમાં રાચે તો એ પણ અર્હંત પ્રભુના આદેશનું ઉલ્લંઘન કરનારા અને શ્રાવકાભાસ ગણાય છે; માટે એવો અપ્રશસ્ત રાગ ધારણ કરવો ન જોઇએ. એ રાગથી પ્રતિકૂલ એવો દ્વેષ પણ પ્રશસ્ત અને અપ્રશસ્ત એવા બે પ્રકારનો છે. મિથ્યાત્વ, અજ્ઞાન અવિરતિ વગેરે અશુભ તરફ દ્વેષ કરવો તે પ્રશસ્ત દ્વેષ કહેવાય છે; કારણ કે, જો તેમને વિષે દ્વેષ ઉત્પન્ન ન થાય તો પછી તેઓનો ત્યાગ કેમ થઇ શકે ? હૃદયમાં દ્વેષના અંકુરો ઉત્પન્ન થયા વિના ત્યાગ બુદ્ધિ થતીજ નથી. તો એ અપેક્ષા એ દ્વેષ પણ શ્રેષ્ટ ગણાય છે. તથાપિ તેની અંદર એટલી સૂક્ષ્મતા છે કે, તે દ્વેષ પરને તાપ કરનારો ન હોવો જોઇએ. બીજા પ્રાણીને તાપ કરનારો દ્વેષ પ્રશસ્ત થઇ શકતો નથી. કોઇ માણસ મિથ્યાત્વી, અજ્ઞાની, ક્રૂર કે ઘાતકી હોય તો તેની તરફ દ્વેષ કરવો તે માત્ર અભાવ રૂપે કરવાનો છે; કાંઇ તેને પરિતાપ કરવા રૂપે કે હેરાન હાનિ કરવાનો નથી. તેવા માણસને હાનિ કરવા માટે જે કાંઇ યોજના કરવી એવો દ્વેષ પ્રશસ્ત કહેવાતો નથી. એવા દ્વેષનો તો સર્વદા ત્યાગ કરવો જોઇએ પરને તાપ કરનારા દ્વેષમાં ક્રોધના અંશો હોય છે અને ક્રોધ એ કષાય હોવાથી સર્વથા અનાદરણીય છે.

વળી રાગના સંકલેશ અને વિશુદ્ધ એવા બે અંગરૂપ વિભાગ થઈ શકે છે. તેમ દ્વેષના થઇ શકતા નથી, કારણ કે, દ્વેષમાં વિશુદ્ધ નો ભાગ આવી શકે જ નહીં. તે તા સર્વદા સંકલેશમય છે.

જો કે દ્વેષ તો સર્વથા ત્યાગ કરવા યોગ્ય છે. દ્વેષના પરિણામ પરિતાપક હોય છે પણ જે દ્વેષ કરવાનો કહ્યો છે, તે અભાવરૂપ માત્ર અપેક્ષાએજ દ્વેષ સમજવો ક્રોધ રૂપ દ્વેષ સમજવો નહીં. અભાવનો અર્થ અરૂચિ કે અણગમો થાય છે. એટલે કોઇ વસ્તુ કે અનુષ્ટાન તરફ હૃદયથી અરૂચિ–અણગમો બતાવવો એનું નામજ દ્વેષ છે. હાનિ કે પરિતાપ કરનારો દ્વેષ અહિં લેવાનો નથી. જો એવો દ્વેષ ન લઇએ તો સામાન્ય રીતે કોઇ પણ નઠારી વસ્તુ ત્યાગ કરવાના પરિણામ થાય નહીં.

જે દ્વેષ ક્રોધ બુદ્ધિથી બીજાને હાનિ કરવા ઉત્પન્ન થાય તે અપ્રશસ્ત દ્વેષ કહેવાય છે અને તેવા દ્વેષથી કર્મના બંધ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સિવાય ચાર નિક્ષેપાથી પણ રાગ તથા દ્વેષના ભેદ દર્શાવેલા છે. જેને માટે **અધ્યાત્મ મત પરીક્ષા** નામના ગ્રંથમાં સારી રીતે વિવેચન કરેલું છે. ૧ નામ, ૨ સ્થાપના, ૩ દ્રવ્ય અને ૪ ભાવ–એ ચાર પ્રકારે રાગ તથા દ્વેષના ચાર ચાર ભેદ થાય છે.

જેમકે **નામરાગ, સ્થાપના રાગ, દ્રવ્યરાગ** અને **ભાવરાગ,** એમ ચાર ભેદથી રાગ દર્શાવેલા છે. જેનું નામ રાગ હોય તે **નામરાગ** કહેવાય છે. જે રાગવાનનું ચિત્ર કાઢવામાં આવ્યું હોય, તે **સ્થાપનારાગ** કહેવાય છે. દ્રવ્ય એટલે વસ્તુતા એક રીતે જે રાગ તે **દ્રવ્યરાગ** કહેવાય છે. તે દ્રવ્યરાગના **કર્મદ્રવ્યરાગ** અને **નોકર્મદ્રવ્યરાગ** એવા બે પ્રકાર છે, તેમાં કર્મદ્રવ્ય રાગના ચાર પ્રકાર છે. ૧ યોગ કર્મ દ્રવ્ય રાગ, ૨ બધ્યમાન કર્મ દ્રવ્યરાગ, ૩ બદ્ધ કર્મદ્રવ્ય રાગ અને ૪ ઉદીરણા પ્રાપ્ત કર્મ દ્રવ્યરાગ. તે દરેકનું સ્વરૂપ જૈન આગમમાં વિસ્તારથી વર્ણન કરેલું છે. તેનું સંક્ષિપ્ત સ્વરૂપ આ પ્રમાણે છે. જે જે મોહનીય કર્મના પુદ્ગલ બંધ પરિણામને અભિમુખ થયાં હોય તે **યોગકર્મ દ્રવ્યરાગ** કહેવાય છે. મોહનીય કર્મના પુદ્ગળ બંધ ક્રિયાના પરિણામને પામ્યા હોય, તે **બધ્યમાન કર્મદ્રવ્યરાગ** કહેવાય છે. જે મોહનીય કર્મના પુદ્ગળ બંધ પરિણામની નિષ્ટાને પામ્યા હોય, તે **બદ્ધકર્મ દ્રવ્યરાગ** કહેવાય છે. અને જે મોહનીય કર્મના પુદ્ગળ ઉદયને પામ્યા હોય તે **ઉદીરણા પ્રાપ્ત કર્મ દ્રવ્યરાગ** કહેવાય છે. આ ચાર પ્રકારનો સંબંધ મોહનીય કર્મ આશ્રીને રહેલો છે. મોહનીય કર્મના પુદ્ગળબંધ પરિણામને અભિમુખ થવું, તેની પુદ્ગળ બંધ ક્રિયા, પુદ્ગળ બંધ નિષ્ટા, અને પુદ્ગળ ઉદય–આવી રીતે મોહનીય કર્મની ચાર પ્રકારની સ્થિતિ ઉપર આ કર્મ દ્રવ્યરાગ રહેલ છે. અને તે પ્રમાણે રાગની દશા જોવામાં આવે છે. એટલે જ્યારે જીવને મોહનીય કર્મના પુદ્ગળ બંધની અભિમુખતા, ક્રિયા, નિષ્ટા અને ઉદય પ્રાપ્ત થાય છે, ત્યારે તેનામાં રાગદશા ઉત્પન્ન થાય છે. તે દશાના ઉદ્દેશથી જ્ઞાની પુરૂષોએ એવી રીતે તેના ચાર પ્રકાર કહેલા છે.

જેનો કર્મ દ્રવ્યરાગનો બીજો પ્રકાર કહેવામાં આવ્યો છે, તેના **વિશ્રસા** અને **પ્રયોગ** એવા બે પ્રકાર છે એટલે **વિશ્રસાનોકર્મ દ્રવ્યરાગ** અને **પ્રયોગનો કર્મદ્રવ્યરાગ**–એવા નામ પડી શકે છે. પહેલો વિશ્રસાનો કર્મ દ્રવ્યરાગ ક્ષણિક સ્થિતિવાલો હોય છે. તે ઉપર સંધ્યારાગનું દૃષ્ટાંત આપેલું છે. જેમ સંધ્યારાગની સ્થિતિ ક્ષણિક રહે છે, તેવી રીતે વિશ્રસાનો કર્મદ્રવ્ય રાગની સ્થિતિ ક્ષણિક રહે છે. જે આત્માને એ રાગ લગ્ન થયો હોય, તે આત્મા એ રાગનો ક્ષણિક અનુરાગી બને છે. બીજા પ્રયોગનો કર્મદ્રવ્યરાગને માટે કસુંબી વસ્ત્રનું દૃષ્ટાંત છે. તે રાગ ચિરસ્થાયી છે. જેમ કસુંબી વસ્ત્રનો રંગ વસ્ત્રની અંદર ઘણો વખત રહે છે, તેમ પ્રયોગનો કર્મદ્રવ્યનો રાગ આત્માની સાથે ઘણો વખત રહે છે. એ રાગનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાગી આત્મા પોતાની રાગ દશાને એટલો બધો આધીન થઇ જાય છે કે જેથી તે પોતાનું શુદ્ધ સ્વરૂપ ભૂલી જઇ કષાયોના કષ્ટ જાળમાં ફસી પડે છે.

વળી જેમ દ્રવ્યરાગ છે, તેમ ભાવરાગ કહેવાય છે અને તેના બે ભેદ પડી શકે છે. **ઉદય પ્રાપ્ત ભાવરાગ** અને **પરિણામ ભાવરાગ** એવા બે ભેદથી તેઓ લખાય છે. જ્યારે આત્માની અંદર મોહનીય કર્મનો ઉદય થાય ત્યારે તે **ઉદયપ્રાપ્ત ભાવ રાગ** કહેવાય છે અને જ્યારે મોહનીય કર્મ પરિણામને પામે ત્યારે પરિણામ ભાવરાગ કહેવાય છે. આ બંને રાગ જન્મધારી આત્માને તેના જીવનમાં અનુભવવામાં આવે છે અને તેને આધારે તે જીવાત્મા તેટલા પ્રમાણમાં રાગદશા પામે છે અને તેના ફલ ભોગવે છે.

તે પ્રમાણે દ્વેષના પણ પ્રથમ **નામ, સ્થાપના, દ્રવ્ય** અને **ભાવ** એવા ચાર પ્રકાર થાય છે.

તેમાં દ્રવ્યદ્વેષના બે પ્રકાર છે, **કર્મદ્રવ્ય દ્વેષ** અને **નોકર્મ દ્રવ્ય દ્વેષ** તેમાં જે કર્મદ્રવ્ય દ્વેષ છે, તેના **યોગ, બધ્યમાન, બદ્ધ** અને **ઊદીરણા પ્રાપ્ત** એવા ચાર ભેદ આગળ રાગના બતાવ્યા તે પ્રમાણે પડી શકે છે. આ ચાર ભેદ પણ મોહનીય કર્મને આશ્રીને રહેલા છે. પૂર્વે કહેલા રાગની જેમ નોકર્મદ્રવ્ય દ્વેષના **વિશ્રસા** અને **પ્રયોગ** એવા બે ભેદ થાય છે અને તેની સ્થિતિ ઉપર પણ સંધ્યા અને કસુંબી વસ્ત્રના દૃષ્ટાંત લાગુ પડે છે. તેમાં ભાવદ્વેષના **ઉદય** અને **પરિણામ** એવા બે પ્રકાર અને તેમના લક્ષણો પણ પૂર્વવત્ સમજવાના છે.

આ પ્રમાણે રાગ અને દ્વેષના અનેક ભેદ જૈન આગમમાં દર્શાવેલા છે, અને તેનો ત્યાગ કરવાને ઉત્તમ પ્રકારે ઉપદેશ આપેલો છે.

મહાનુભાવ **શ્રી યશોવિજયજી** ઉપાધ્યાય મહારાજે રાગ અને દ્વેષનું સ્વરૂપ નયની રીતિથી ઘટાવી તે ઉપર એટલું બધું સુંદર વિવેચન કરેલું છે કે, જે વાંચવાથી વિદ્વાન વાચકના હૃદયમાં રાગ તથા દ્વેષનું સ્વરૂપ યથાર્થ સમજાય છે અને તેથી તેનો ત્યાગ કરવા પ્રવૃત થવાય છે.

તે મહાનુભાવ લખે છે કે, રાગ તથા દ્વેષના લક્ષણો નયની રીતિને અનુસરી જુદા જુદા થઇ શકે છે. સંગ્રહ નયની રીતિએ ક્રોધ તથા માન એ બંને અપ્રીતિનું પરિણામ હોવાથી **દ્વેષ** કહેવાય છે અને માયા તથા લોભ એ પ્રીતિનું પરિણામ હોવાથી **રાગ** કહેવાય છે. વ્યવહારનયની રીતિએ માયાની યોજના બીજાના ઉપઘાતને માટે થાય છે, માટે માયા પણ દ્વેષ જ કહેવાય છે. ન્યાયોપાર્જિત દ્રવ્ય વગેરેમાં જે લોભ થાય છે તે રાગ કહેવાય છે, પરંતુ અન્યાયોપાર્જિત દ્રવ્ય વગે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રેમાં જે લોભ થાય છે, તે રાગ કહેવાય નહીં, કારણ કે એનાથી કષાયાદિકની ઉત્પત્તિ થાય છે.

રૂજુસુત્રની નયની રીતિએ ક્રોધ અપ્રીતિનું પરિણામ હોવાથી એકાંત દ્વેષ કહેવાય, બાકીના માન, માયા અને લોભ-એ ત્રણ એકાંત દ્વેષ કહેવાય નહીં, પણ અનેકાંત દ્વેષ કહેવાય, કારણ કે જ્યારે માન પોતાના ઉત્કર્ષના પરિ-ણામ રૂપ હોય છે, ત્યારે તે રાગ કહેવાય છે. અને જ્યારે તે પરનિંદાના પરિણામરૂપ હોય ત્યારે દ્વેષ કહેવાય છે; તેવી માયા અને લોભ પણ જ્યારે પૂર્વ પરિણામરૂપ હોય ત્યારે રાગ કહેવાય અને પરદ્રોહના પરિણામ રૂપ હોય ત્યારે દ્વેષ કહેવાય છે.

શબ્દનયની રીતિએ ક્રોધ તથા લોભ એ બંને કષાયરૂપ હોવાથી એમાંના માન તથા માયા અપ્રીતિના પરિણામરૂપે થઇને જ્યારે ક્રોધમાં આવીને મળી જાય ત્યારે તે દ્વેષ કહેવાય છે અને પ્રીતિના પરિણામ રૂપે થઇ જ્યારે લોભમાં આવીને મળી જાય ત્યારે રાગ કહેવાય છે. આ પ્રમાણે મહાનુભાવ યશોવિજયજી ઉપાધ્યાય નયમાર્ગની રીતિથી રાગ તથા દ્વેષના જુદા જુદા સ્વરૂપ બતાવી તેના પરિણામનો પ્રભાવ દર્શાવી તેમનાથી સદા દૂર રહેવાની સૂચના કરે છે. તે સાથે તેઓ ખાસ જણાવે છે કે કોઈ પણ મુનિ કે ગૃહસ્થે ફલની ઇચ્છા રાખ્યા વગર ધર્મ સાધન કરવું, જો ફલની ઇચ્છા રાખવામાં આવે તો તેમાં રાગ અને દ્વેષ આવ્યા વગર રહેતા નથી: તેને માટે મહાત્મા યશોવિજયજી લખે છે કે, **"फलकंखा राग दोसकया"** "ફલની ઇચ્છા રાગ અને દ્વેષથી થાય છે."

એવી રીતે રાગ અને દ્વેષનું સ્વરૂપ સમજી દરેક ભવી આત્માએ તેમાંથી તદન મુકત થવાને તન, મન અને ધનથી પ્રયત્ન કરવો જોઇએ. તેમ છતાં જો કદિ રાગ અને દ્વેષથી તદન મુકત ન થવાય તો પ્રશસ્ત રાગ અને પ્રશસ્ત દ્વેષનું સેવન કરવું અને એમ કરતાં કરતાં અનુક્રમે પોતાના આત્માનું શુદ્ધ સ્વરૂપ ઓળખી વિત-રાગ ભાવની ભાવના ભાવવી જેથી પરિણામે આત્મા પરમદશાનો અધિકારી થઇ શકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી મહાવીર પ્રભુનો ઉપદેશ.
## અને તે સમયની સ્થિતિ.

જામ્ભક ગામથી જ શ્રી મહાવીરે પોતાનો ઉપદેશ શરૂ કર્યો. કર્મથી જ બંધ અને મોક્ષ થાય છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ મોક્ષનાં સાધનો છે એવો એમના પહેલા ઉપદેશનો સાર હતો. સર્વ ધર્મનું મૂળ દયા છે, પણ દયાના પૂર્ણ ઉત્કર્ષ માટે ક્ષમા, નમ્રતા, સરલતા, પવિત્રતા, સંયમ, સંતોષ સત્ય, તપ, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ દશ ધર્મો સેવવા જોઇએ. ॥ ૧ ॥

* * *

ક્ષમા રહિત માણુસ દયાનું સારી રીતે પાલન નથી કરી શકતો, તેથી જે ક્ષમા કરવામાં તત્પર છે તે ધર્મને ઉત્તમ રીતે સાધી શકે છે. ॥ ૨ ॥

* * *

સર્વ સદ્ગુણો વિનયને આધિન છે અને વિનય નમ્રતાથી જ આવે છે. જે પુરૂષ નમ્ર છે તે સર્વ ગુણસંપન્ન થાય છે. ॥ ૩ ॥

* * *

સરલતા વિના કોઇ પુરૂષ શુદ્ધ થઇ શકતો નથી અને તેમ થયા સિવાય ધર્મ પાળી શકતો નથી. ધર્મ વિના મોક્ષ નથી અને મોક્ષ વિના સુખ નથી. ॥ ૪ ॥

* * *

સરળતા વિના પવિત્રતા નથી અને પવિત્રતા વિના મોક્ષ નથી. ॥ ૬ ॥

* * *

વિષય સુખના ત્યાગ કરવાથી જેણે ભય તથા રાગ-દ્વેષને તજ્યા છે એવા ત્યાગી નિગ્રન્થી (સંયમી-સંતોષી) કહેવાય છે. ॥ ૫ ॥

* * *

તન, મન, અને વચનના એકતા રાખવી અને પૂર્વાપર સત્ય વચનનો ઉચ્ચાર કરવો એ ચાર પ્રકારનું સત્ય છે. ॥૭॥

* * *

ઉપવાસ, આહારમાં બે ચાર કોળીયા ઉણા રહેવું. આજીવિકાનો નિયમ, રસ ત્યાગ, શિતોષ્ણાદિ સમવૃત્તિથી સહેવાં અને સ્થિર આસને રહેવું એ છ પ્રકારનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાહ્ય તપ છે. પ્રાયશ્ચિત, ધ્યાન, સેવા, વિનય, કાર્યોત્સર્ગ અને સ્વાધ્યાય એ છ પ્રકારનું અભ્યન્તર તપ છે. ॥૮॥

* * *

સંપૂર્ણ સંયમપૂર્વક મન, વચન અને કાયાવડે રહેવું એ બ્રહ્મચર્ય છે. ॥૯॥

* * *

નિસ્પૃહતા એજ અપરિગ્રહ છે જેથી ઉપર કહેલા દશ ધર્મોના સેવનથી આપોઆપ ભય, રાગ અને દ્વેષ નાશ પામે છે અને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. શાન્ત દાન્ત, વ્રત નિયમમાં સાવધાન અને વિશ્વવત્સલ મોક્ષાર્થી મનુષ્ય નિષ્કપટ પણે જે જે ક્રિયા કરે છે તેથી ગુણની વૃદ્ધિ થાય છે. જે પુરૂષની શ્રદ્ધા પવિત્ર છે તેને શુભ અશુભ બન્ને વસ્તુઓ શુભ વિચાર ને લીધે શુભ રૂપેજ ફળ આપે છે. ॥૧૦॥

* * *

હે મુનિ ! એટલે હે વિચારશીલ પુરૂષો ! જન્મ અને જરાનાં દુઃખ જો તમારે દૂર કરવા હોય તો અહિંસા ધર્મનો આદર કરો.

* * *

જેમ તમોને સુખ પ્રિય છે તેમ સર્વ જીવોને સુખ પ્રિય છે, એમ વિચારી કોઈપણ જીવને મારશો નહિ અને બીજા પાસે મરાવશો નહિં. લોકોના દુઃખોને જાણનાર સર્વ જ્ઞાની પુરૂષોએ એ મુનિઓને, ગૃહસ્થોને, રાગીઓને, ત્યાગીઓને, ભોગીઓને અને યોગીઓને આવો પવિત્ર અને શાશ્વત ધર્મ કહ્યો છે કે કોઇપણ જીવને હણવો નહિં, તેના પર હકુમત ચલાવવી નહીં, તેને કબજે કરવો નહીં, અને તેને હેરાન કરવો નહિં. પરાક્રમી પુરૂષ સંકટો પડતાં પણ દયા છોડતો નથી.

* * *

હે મુનિ ! અંદર જ યુદ્ધ કર, બીજા બહારનાં યુદ્ધની શી જરૂર છે. યુદ્ધની આવી **સામગ્રી** મળવી ઘણી મુશ્કેલ છે.

* * *

## વિવેક એજ ખરો સાથી છે.

વિવેક હોય તો ગામમાં રહેતાં પણ ધર્મ છે અને જંગલમાં રહેતાં પણ ધર્મ છે. વિવેક ન હોય તો બન્ને નિવાસ અધર્મ રૂપ જ છે.

* * *

મહાવીરના ઉપદેશોનો અત્યંત ફેલાવો કરનાર અને એમની અતિશય ભક્તિભાવથી સેવા કરનાર મુખ્ય મોટા અગીયાર શિષ્યો હતા. એ સર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રથમ ગૌતમ ગોત્રના બ્રાહ્મણો હતા. અગીઆરે ભાઈઓ વિદ્વાન અને મોટા મોટા કુલોના અધિપતિઓ હતા. સર્વે તપસ્વી, નિરહંકારી અને મુમુક્ષુ હતા. વેદ વિહિત કર્મકાન્ડમાં પ્રવિણુ હતા પણ પદાર્થ જ્ઞાનથી શાન્તિને પામ્યા ન હતા. મહાવીરે એમના સંશયો કાપી નાંખી એમને સાધુ દિક્ષા આપી.

* * *

મહાવીરે જૈન ધર્મમાં નવું ચેતન રેડી એની પુનઃ પ્રતિષ્ટા કરી. એમના ઉપદેશના પરિણામે પ્રજા વળી પાછી જોરથી જૈન ધર્મ પ્રત્યે આકર્ષાઇ. વૈરાગ્ય અને અહિંસાનો નવો જુવાળ દેશ ઉપર ફરી આવ્યો. અનેક રાજાઓ, ગૃહસ્થો અને સ્ત્રીઓએ સંસારનો ત્યાગ કરી સન્યાસ ધર્મ ગ્રહણુ કર્યો. એણે કેવળ જૈનધર્મમાંથી માંસાહાર સદંતર બંધ કર્યો એટલું જ નહીં પણ એ ધર્મને પરિણામે વૈદિક ધર્મમાં પણ અહિંસા પરમ ધર્મ મનાયો. અને ફળાહારનો સિદ્ધાંત મોટે ભાગે હિન્દુ પ્રજાએ સ્વીકાર્યો.

* * *

મહાવીરના ઉપદેશનું પરિણામ પોતાના સમયમાં કેટલું ભારે હતું એ જાણવું મુશ્કેલ છે, પણ એ આર્હત ધર્મે હિંદુસ્તાનમાં પોતાનો પાયો સ્થિર રાખ્યો છે. એક કાળમાં વૈદિકો અને જૈનો વચ્ચે ભારે ઝગડા ચાલતા હતા, પણ આજે બંને સંપ્રદાયો વચ્ચે કશો વૈરભાવ રહ્યો નથી. આનું કારણ એ છે કે જૈનધર્મનાં કેટલાક તત્ત્વો વૈદિકોએ અને ખાસ કરીને વૈષ્ણવ સંપ્રદાયોએ અને પૌરાણિકોએ પૂર્ણપણે પોતામાં મેળવી દીધાં છે. એ બે ધર્મો વચ્ચે ભારે પ્રકૃતિનો કે સંસ્કારનો ભેદ હવે રહ્યો નથી.

* * *

બહોંતેર વર્ષની વય સુધી મહાવીરે ધર્મોપદેશ કર્યો. એમણે જૈનધર્મને નવું સ્વરૂપ આપ્યું. એમના કાળમાં શ્રી પાર્શ્વનાથ તીર્થંકરનો સંપ્રદાય ચાલતો. પાછળથી શ્રી મહાવીરે અને શ્રી પાર્શ્વનાથ પ્રભુના અનુયાયીઓએ પોતાના ભેદોને સમાવી દઈ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ તપાસી જૈનધર્મને એકરૂપતા આપી. બહોંતેરમે વર્ષે કારતક વદ અમાસને દિવસે મહાવીરનું નિર્વાણ થયું.

ઈષ્ટ દેવતાની અત્યંત ભકિતવડે ચિત્ત શુદ્ધ કરી મનુષ્યની સર્વે ઉત્તમ સંપત્તિઓ સંપાદન કરી છેવટે તેનું પણ અભિમાન તજી આત્મ સ્વરૂપમાં સ્થિર રહેવું એ ખરૂં ધ્યેય છે.

એક મુનિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ખરી જરૂર શાની છે ?

**હવે કંઇ જાગી જુઓ !**

પ્રભુ ! અમને ખરા માણસ આપો ! આવા સમયમાં મોટા દિલના મજબૂત મનના, ખરી શ્રદ્ધાવાળા, અને કામ કરવાને ખુશી, પદવીના લોભથી તણાઇ ન જાય તેવા, પદવીની લાલચથી ઠગાય નહિ તેવા, દૃઢ અભિપ્રાય તથા સંકલ્પ શકિતવાળા અને સત્યશીલ માણસોની જરૂર છે. ”

**કર્તવ્ય-કળા**—પોતાના અધિકાર પ્રમાણે કામ કરો, તેના ફળ માટે અધીરા ન બનો. અર્પણ બુદ્ધિથી કામ કરનાર ઘણું કમાય છે.

**નિઃસ્વાર્થ સેવાથી થતો આત્મ સંતોષ**—એ તેનો જેવો તેવો બદલો નથી.

**ધર્મની પરીક્ષા ( કસોટી ):**—દેશના સામાજિક પ્રશ્નોના નિર્ણયમાં અમુક ધર્મ કેટલો ઉપયોગી થઇ પડે છે એ ધર્મની પૂરતી કસોટી છે, એમ હાલનું જગત વધારેને વધારે માનતું જશે. તમારા પોતાના ધર્મ તરફ દૃષ્ટિ ફેરવો તેમાંથી તમારા દેશની ઉન્નતિ થાય છે કે કેમ ? તેની તપાસ કરો. તે કાંઇ કામ કરે છે કે નહીં તેની તજવીજ કરો. જે કાંઇ પરિણામ આવવાં જોઇએ તે તેનાથી આવે છે કે નહીં તેની તપાસ કરો. જે માણસ સંપૂર્ણ રીતે ધર્મનિષ્ઠ રહે તેને સમાજ સેવા તથા દેશાભિમાન તરફ કેટલું પ્રોત્સાહન રહે છે ? વિચારવા યોગ્ય એવી ઘણી ઘણી બાબતો છે. કોઇ માણસનું ધાર્મિક જીવન તેના કાર્યોમાં સ્પષ્ટ રીતે માલુમ પડી ન આવે તો તે જીવન ચૈતન્યમય અગર ખરૂં જીવન હોઇ શકે નહીં. માત્ર બુદ્ધિમાન લોકોની એક જાતિ ઉત્પન્ન કરવી એજ કેળવણીનો હેતુ હોવો જોઇએ નહીં. સમાજના અંગભૂત તરીકે લોકોમાં કર્તવ્ય બુદ્ધિ અને જવાબદારીની લાગણી ઉત્પન્ન થાય એ પણ તેનો હેતુ છે.

**એકતા**—વિચાર, વાણી અને આચારની એકતા આવવી જોઇએ ને દરેકમાંથી મલીનતા દૂર થઇ, પવિત્રતા દાખલ થવી જોઇએ. એમ કરવાના અભ્યાસથી જ આપણા સૌનું શ્રેય સંભવે છે.

**સદ્‌ગુણાનુરાગી મુનિરાજશ્રી કર્પૂરવિજયજી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# બ્રહ્મચર્ય.

લેખકઃ—દફતરી નંદલાલ વનેચંદ પોપટભાઈ—મોરબી.

મનુષ્યની પચીસ વર્ષની ઉમર થાય ત્યાં સુધીનો કાળ સાધારણ રીતે વિદ્યાર્થી અવસ્થાનો ગણાય છે, અને માણુસના મગજનો વિકાસ અને શરીરના અંગોની સંપૂર્ણ ખીલવણી પણ ઘણે ભાગે ત્યાં સુધીના સમયમાં જ થાય છે, એટલે તે સમય દરમ્યાન ખીલતા અંગોને પોષણ આપવા માટે અને અભ્યાસ થકી થાકી જતા મગજની પુષ્ટિ કરવા માટે લોહીનું સત્વ જે વીર્ય તેના રક્ષણુની ખાસ જરૂર છે, માટે વિદ્યાર્થીઓએ વિદ્યાર્થી—અવસ્થા સુધી નિર્મળ ભાવથી અખંડપણે બ્રહ્મચર્ય પાળવું જોઇએ. જેઓને દુર્ભાગ્યે સ્વેચ્છાથી અથવા માબાપે પાડેલી ફરજથી વિદ્યાર્થી અવસ્થામાં બ્રહ્મચર્ય ભંગ કરવાનો વખત આવે છે અર્થાત્ પરણાવી દીધેલ હોય છે, તેઓને શારિરીક તથા માનસિક મહા અનર્થોની સાથે ઘણી હાનિ પહોંચવાનો સંભવ છે. મગજ મારી કરવી પડે તેવા કઠીન અભ્યાસના બોજાથી મગજને ઘણોજ ઘસારો લાગે છે, અને જેમ જેમ અભ્યાસનો પરિશ્રમ વધતો જાય છે, તેમ તેમ મગજનું ઘર્ષણુ થાય છે. જેટલા પ્રમાણુમાં મગજનું ઘર્ષણુ થાય તેનાથી અધિક તેને પોષણુ મળવું જોઇએ. ઘસારાની ખોટ પૂરી પાડી મગજને પોષણુ આપનાર જો કોઇ તત્વ હોય તો તે વીર્ય છે, માટે તેનું સર્વથા રક્ષણ થવું જોઇએ. જો તેમ થાય તો જીવનની આબાદિ અને મગજની પરિસ્થિતિને પ્રાયે ધક્કો લાગતો નથી, પણ મગજ અને શરીરને પોષણુ આપનાર વીર્યને જો અપરિપક્વ સ્થિતિમાં કોઇપણુ રીતે હાનિ પહોંચવાનો સંભવ ઉભો થયો તો પછી મગજનું પોષણુ થવું તો દૂર રહ્યું પણ રક્ષણુ થવું એ પણ મુશ્કેલ છે.

વીર્યનો સંબંધ મનુષ્યના સ્થૂળ દેહની સાથે તેમજ માનસિક શક્તિની સાથે પણ રહેલો છે. જેઓ વિશુદ્ધ બ્રહ્મચારી હોય છે તેઓની શારીરિક સંપત્તિ સારી હોય છે; એટલું જ નહિ પણ તેઓનું મગજ પણ તાજું ને તાજું જ રહે છે, તેથી ઉલટું જેઓ અખંડ બ્રહ્મચર્યને સેવી શકતા નથી તેઓની શારીરિક તેમજ માનસિક શક્તિ દિવસે દિવસે ક્ષીણુ થતી જાય છે. આ કારણુથી જ વીર્યને શરીરનો તેમજ મગજનો રાજા કહેલો છે. વીર્ય સંપૂર્ણ રીતે પરિપકવ થવાનો સમય આરોગ્યશાસ્ત્રના વિદ્વાનોએ પચીસ વર્ષ સુધીનો લેખ્યો છે, અને તેથી તેને અનુસરીને વિદ્વાનોએ ઉપદેશ્યું છે કે વિદ્યાર્થીઓએ પ્રથમ અવસ્થામાં વિશુદ્ધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બ્રહ્મચર્ય પાળવું. એ અવસ્થામાં જો વિદ્યાર્થીઓ બ્રહ્મચર્ય પાળી શકે નહિ તો તેઓ શારીરિક સ્વાસ્થ્યને અનુભવી શકતા નથી, તેમજ માનસિક શક્તિ ક્ષીણુ થતી જવાને લીધે સ્મરણુ શક્તિ ઘસાતી–ભુંસાતી જાય છે, અને વિદ્યાભ્યાસ બરાબર રીતે થઇ શકતો નથી. સતેજ સ્મરણુ શક્તિ વિના વિદ્યાભ્યાસમાં યથેષ્ટ પ્રગતિ થઇ શકતી નથી, તેથી જે વીર્યનો શારીરિક તેમજ માનસિક શક્તિ સાથે નિકટનો સંબંધ છે તેનો ક્ષય વીર્યની અપરિપકવ દશામાં–પ્રથમ અવસ્થામાં જ બાલ્યવયમાં જરાપણુ થવા દેવો જોઇએ નહિ. વિદ્યાભ્યાસથી સ્મરણુ શક્તિ ઉપર બોજો થાય છે એ તો નક્કી જ છે. અને એ બોજાથી મગજને જે કાંઇ ઘસારો લાગે છે તે ઘસારો બ્રહ્મચર્યના પાલનથી–વીર્યનો દુર્વ્યય નહીં થવાથી પુરાઇ જતા પુનઃ મગજ અને સ્મરણુશક્તિ તાજીને તાજી રહે છે, અને તેવો વિદ્યાર્થી વિદ્યાભ્યાસને માટે સર્વથા યોગ્ય જ રહે છે. પરંતુ એક બાજુએ વિદ્યાભ્યાસથી મગજને અને સ્મરણુશક્તિને ઘસારો લાગતો હોય તથા બીજી બાજુએ વીર્યના દુર્વ્યયથી એ ઘસારાની ખોટ પુરાવાને બદલે વધતી જતી હોય, ત્યાં મગજ વિદ્યાભ્યાસને માટે પુનઃ તાજું બનતું જવાનો સંભવ જ રહેતો નથી. આ કારણુથી જ વિદ્યાભ્યાસને અને અબ્રહ્મચર્યને કિંવા ગૃહસ્થાશ્રમને એકી સાથે બનતું નથી. બ્રહ્મચર્યનો અર્થ વીર્યવ્યય ન કરવો એટલો જ થતો નથી, પણુ મન, વચન અને કાયાથી બ્રહ્મચારી રહેવું તેજ ખરૂં બ્રહ્મચર્ય છે. કાયાથી બ્રહ્મચારી ન રહેવાય તો મગજ અને શરીર બન્નેનું સ્વાસ્થ્ય સચવાતું નથી, તેવી જ રીતે મન અને વચનથી જો બ્રહ્મચર્ય ન સેવાય તો ચિત્તની એકાગ્રતા સચવાતી નથી. વ્યગ્ર ચિત્તવાળો બનેલો વિદ્યાર્થી વિદ્યાભ્યાસને માટે નાલાયક ઠરે છે, આ કારણુથી અબ્રહ્મચર્ય સંબંધી વિકારી વિચારોને પણુ મગજમાં સ્થાન આપવું જોઇએ નહીં. જેઓ વિષયની વાતો કરતા હોય તેઓની પાસે ઉભા પણુ રહેવું નહીં, તેમજ તેવી ભાષાનો ઉપયોગ પણુ કરવો નહીં. માનસિક અને વાચિક બ્રહ્મચર્ય નહીં પાળી શકનારા તરૂણુ વિદ્યાર્થીઓ શરીરથી બ્રહ્મચર્ય પાળે છે, છતાં તેઓના મગજને તથા શરીરને તો શારીરિક અબ્રહ્મચર્યના જેટલો જ ઘસારો લાગે છે. શારીરિક બ્રહ્મચર્ય પાળવામાં આવ્યા છતાં આ ઘસારો કોણુ કરે છે? પેલા અબ્રહ્મચર્ય સંબંધી વિકારજનક વિચારો જ. શાસ્ત્રમાં વિદ્યાર્થીઓએ ત્યજવા યોગ્ય પ્રસંગોમાં સ્ત્રીઓની સામે જોવું તથા તેને આલિંગન કરવું એ પ્રસંગો પણુ ગણાવ્યા છે. વિકારજનક નાટકો જોવા, તથા તેવા નોવેલો–વાર્તાના પુસ્તકો વાંચવા ઈત્યાદિ સર્વ પ્રસંગો અબ્રહ્મચર્યના પ્રવેશક માર્ગો છે અને તેથી પ્રત્યેક વિદ્યાર્થીએ તેવા પ્રસંગોથી સર્વદા દૂર રહેવું જોઈએ. તેવા વિકારી વિચારના લશ્કરથી જે વિદ્યાર્થીનું મગજ હારતું નથી તેજ વિદ્યાર્થી વિશુદ્ધ બ્રહ્મચર્ય પાળી શકે છે, અને વિદ્યાભ્યાસમાં સંપૂર્ણ રીતે પાર પડી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વચનામૃત.

કુતરૂં ગાડા નીચે ચાલ્યું જાય ને મનમાં એવું અભિમાન રાખે કે હુંજ ગાડું ખેંચી જાઉં છું એમ ન કરો.

× × ×

અભિમાન કરવાથી આપણાં શુભ કર્મો પણ ઓછી સત્તાવાળા અને મલીન થઇ જાય છે.

× × ×

જેમ કમળનું પાંદડું પાણીમાં રહેવા છતાં કોરૂં રહે છે તેમ આસક્તિ છોડીને કર્મો કરવાથી કર્મ કર્યા છતાં તમે બંધનમાં આવશો નહિં.

× × ×

કડવી તુંબડીને જાત્રા કરાવી હોય તો પણ તેથી અંદરથી ધોયા વિના તે કાંઇ મીઠી થાય નહિં તેમ અંતર ધોયા વિના આડંબરથી કાંઇ પાપ જાય નહીં.

× × ×

મોત એ શું છે ? જેમ માણુસો જુનાં લુગડાં તજીને બીજાં નવાં લુગડાં પહેરે છે તેમ જુનાં શરીરને છોડીને જીવ બીજા નવા શરીરો ધારણ કરે છે; તેથી સિદ્ધ થાય છે કે મોતને ખાતર આપણે મોતથી ડરતા નથી પણ આપણા પાપને લીધે આપણે મોતથી ડરીએ છીએ. માટે ભાઇઓ, ભવિષ્યનાં સંકટને યાદ કરીને દુઃખનો બોજો ન વધારો.

× × ×

આપણને માયારૂપી સાપ કરડેલો છે એ સાપનું ઝેર ઉતારનાર ગુરૂ છે માટે સદ્‌-ગુરૂને શરણે જાઓ.

× × ×

વખત ગુમાવવાથી સસ્તી વસ્તુ પણ મોંઘી થઇ જાય છે; તેમજ વાર લગાડવાથી ભક્તિની કિંમત પણ વધી જાય છે. માટે જેમ બને તેમ જલ્દીથી ભક્તિમાં લાગી જવું જોઇએ.

× × ×

જે દરદી ઓસડ ખાય પણ કરી પાળે નહિં તેનો રોગ જાય નહીં તેમજ જે માણસ ધર્મને જાણે પણ પાળે નહિ તેનો કાંઇ ઉદ્ધાર થાય નહિ.

× × ×

સત્સંગમાં જવાથી અંતરના દોષો સમજાય છે તેથી પાપથી બચી શકાય છે.

× × ×

સોની જેમ સોનાની કણીઓ ( રજકણો ) સાચવે છે તેમ ભક્તોએ વખતની કણીઓ સેંકડો સાચવવી જોઇએ.

× × ×

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તપ એટલે શું ? આપણા મનની ઇચ્છાઓને રોકવી તેનું નામ તપ છે.

× × ×

બીજાને શિખામણ આપવી એમાં કાંઇ મોટી વાત નથી પણ તે પ્રમાણે વર્તવું એમાંજ ખુબી છે.

× × ×

પૈસાથી આત્મશાન્તિ મેળવી શકાતી નથી.

× × ×

સારા માણુસ પાસે કરેલી માગણી પણ વ્યર્થ જતી નથી ત્યારે પરમાત્મા પાસે કરેલ જીગરની પ્રાર્થનાઓ કેમ વ્યર્થ જશે ?

× × ×

માયાને જીત્યા વિના પ્રભુને ઓળખી શકાય નહીં અને ભક્તિ વિના માયાને જીતી શકાય નહીં માટે ભક્તિ કરો.

× × ×

આપણાં અંતરનાં જુના પાપો અને બુરી ટેવો છોડયા વિના ખરી ભક્તિ થઇ શકે નહિં

× × ×

ગામમાં રાજા આવવાનો હોય તો કેટલી બધી સફાઇ રાખવી પડે છે ત્યારે પ્રભુ હૃદયમાં લાવવા માટે કેટલું બધું પવિત્ર થવું જોઇએ એ વિચાર તો કરો.

× × ×

પાપ કરવું એ બહુ સહેલું છે. ઘરમાં બેસીને તથા સુતાં સુતાં પણ બુરા વિચાર કરીને પાપ કરી શકાય છે. માટે પાપથી બચવાની બહુજ કોશીશ કરો.

× × ×

બધા જીવો સુખી થાઓ, કોઇપણજીવને કાંઇપણ દુઃખ ન રહો. સર્વનું કલ્યાણ થાઓ અને કોઇપણ ઠેકાણે જરા પણ દુઃખ ન રહો. પ્રાચીન આર્ય રૂષિઓની પ્રાતઃકાળની પહેલી પ્રાર્થના આજ હતી. હે પ્રભુ સર્વેનું કલ્યાણ કરો. આવી ભલી ઇચ્છાથી જ પાપથી બચાય છે. માટે પ્રભુના રસ્તામાં જવું હોય તો હંમેશા શુભેચ્છા રાખો.

× × ×

મોજ ઉડાવતી વખતે બહુ મજા પડે છે પણ હિસાબ ચુકવતી વખતે તેની ખબર પડશે.

× × ×

આત્મભોગ આપ્યા વિના ફતેહ મળી શકે નહીં.

× × ×

બીજાને સુખી કર્યા વિના પોતાથી સુખી થઇ શકાય નહીં.

× × ×

આપણને સૌને પંડીતાઇ બહુ ગમે છે. તેથી પંડીતાઇના ઝગડામાં જ ફસી પડાય અને અંતર ખાલી રહી જાય એમ ન થાય એ સંભાળજો.

× × ×

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનુષ્ય જ્યારે પોતાના મનનું પૃથક્કરણ કરે છે અને પ્રત્યેક મનુષ્ય નીરખીને જૂએ છે ત્યારે કેટલીક વસ્તુઓ કદાપિ નષ્ટ થતી નથી કેટલીક વસ્તુઓ સ્વભાવથી જ અખંડ પરિપૂર્ણ અને ઉજ્વળ છે, એમ તેના જાણુવામાં આવી શકે છે અને એમ થયું એટલે પછી તેને દુઃખ પણ થતું નથી અને શોક પણ થતો નથી. સર્વ દુઃખો ભીતિ અને મનમાં ઇચ્છાની ઉત્પત્તિથી થાય છે. મનુષ્યનો જો એવો નિશ્ચય થઇ જાય કે હું કદાપિ મરવાનો જ નથી તો પછી તેને મરણની ભીતિ થશે નહિં. અને આપણે પરિપૂર્ણ છીએ એવો જેનો નિશ્ચય થઇ ગયો એટલે પછી તેના મનમાં પોકળ ઇચ્છાઓ ઉપજતી નથી અને તેઓને દુઃખનું નામ માત્ર પણ રહેતું નથી.

× × ×

જ્ઞાનના સમસ્ત વિષયો મનઃ સામર્થ્યની એકાગ્રતા વિના કેવી રીતે પ્રાપ્ત થઇ શકે ?

× × ×

સુખ અને દુઃખ આપણા દાસ છે; આપણે તેના દાસ નથી.

× × ×

આપણે જ્યાં ને ત્યાં પડી રહેવું અને આગળ ન વધવું એ જ્ઞાનહીન પશુનો સ્વભાવ છે.

× × ×

શુભનો શોધ કરવો અને અશુભથી અલિપ્ત રહેવું એ મનુષ્યનો સ્વભાવ છે અને શુભ કે અશુભ ઉભયમાંથી એકની પણ ઇચ્છા ન રાખવી અને શાશ્વત આનંદમાં નિમગ્ન થવું એ દેવનો સ્વભાવ છે. આપણને દેવ જ થવા દો.

× × ×

હૃદયને મહાસાગર સમાન બનાવો અને શુભ અને અશુભ એક સરખાં જાણો, એ બન્ને કેવળ ઇશ્વરના ખેલ છે સર્વનો ઉપભોગ લ્યો, કશાની ઇચ્છા પણ ન રાખો અને અનિચ્છા પણ ન રાખો, કિન્તુ જે આવે તેનો સ્વીકાર કરો.

× × ×

જ્યારે મનુષ્યો તમારી નિંદા કરે ત્યારે તમે તેમને શુભ આશીર્વાદ આપો. તેઓ તમારી નિંદા કરીને તમારૂં કેટલું કલ્યાણ કરે છે એનો વિચાર કરો. નિંદકો નિંદા કરીને બીજાની નહીં પણ કેવળ પોતાની જ હાનિ કરી શકે છે. જ્યાં મનુષ્યો તમને ધિક્કારતા હોય ત્યાં તમે જાઓ અને તમારામાંથી અહંભાવનાને મારી બહાર કાઢી મૂકવાનું કાર્ય તેમને કરવા દો.

× × ×

શરીર આ જન્મ સાગરના સામે તીરે પહોંચાડનારી નૌકા છે માટે એની ઘણી જ સંભાળ લેવી. આરોગ્ય ન હોય એવા પુરૂષો યોગી થઇ શકતા નથી. મનમાં ઔદાસ્ય હોય તો તેના યોગે અભ્યાસનો ઉલ્લાસ અથવા અભ્યાસની ઇચ્છા ઉત્પન્ન થવાનો સંભવ છે.

× × ×

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનને વાળવા માટે કેટલાક કાળ પર્યંત એકજ પદાર્થની આકૃતિ મન પાસે ગ્રહણ કરાવવાથી બધા વિઘ્નો દૂર થઇ જાય છે.

× × ×

આપણા મનમાં ચાર પ્રકારના વિચારો હોવા જોઇએ. પ્રથમ એ કે આપણે બધા જોડે મૈત્રી રાખવી જોઇએ. બીજો ગુણ એ કે જે કોઇ દુઃખમાં હોય તેના પર દયા રાખવી જોઇએ. ત્રીજો ગુણ એ કે લોકોને સુખી જોઇને સુખી થવું. અને ચતુર્થ ગુણ એ કે દુષ્ટોની ઉપેક્ષા કરવી.

× × ×

આપણા સમક્ષ જે કોઇ આવે તે સર્વ સાથે એમજ વર્તવું જોઇએ.

× × ×

પ્રત્યેક વેળાએ દૂષને દાબી દેશો. અથવા ક્રોધનો આવેશ આવે તો તેનો અવરોધ—અટકાવ કરવો. તેના વેગને બહાર નીકળવા દેશો નહીં. તો તેથી આપણામાં તેટલી શકિતનો વધારો થશે. એવી રીતે સંગ્રહ કરેલી શક્તિ ધીમે ધીમે વધારે ઉચ્ચ પ્રકારની શકિતમાં બદલાતી જાય છે.

* * *

આ વિશ્વ એક વિશાળ ઉન્મત્ત શાળા છે કે જેમાંના મનુષ્યો ઉન્મત છે. કેટલાકો ધનની પાછળ ગાંડા થયેલા છે, કેટલાકોની સ્ત્રીઓ માટે ડાગળી ચસકી ગઇ છે, કેટલાકો નામ અથવા કીર્તિની પાછળ દીવાના બન્યા છે.

* * *

ઇશ્વર પારસમણી છે. આપણને એક ક્ષણમાત્રમાં સુવર્ણના સ્વરૂપમાં ફેરવી નાંખે છે. જોકે બાહ્યસ્વરૂપે તેવુંજ રહે છે પરંતુ સ્વભાવનું પરિવર્તન થઇ જાય છે. મનુષ્યનો આકાર તો રહે છે પણ આપણે તો કોઇને પણ હાનિ કીંવા પાપકૃતિ કરતાં અટકી જઇએ છીએ.

* * *

જે કામ તથા ક્રોધને અટકાવી શકે છે તેજ એક મહાન યોગી છે.

* * *

કોઇ પણ વસ્તુની વાસના ન રાખો, કારણ કે તમે જે વાસના કરતા હો તે વસ્તુ તમોને આવી મળે છે અને તેનીજ સાથે ભયંકર બંધન પણ આવી લાગે છે. કોઇપણ વસ્તુની ઇચ્છા રાખવી તે આપણને પોતાને બંધનમાં નાખવા બરાબર છે. વાસના રાખવાથી આપણી અવસ્થા ત્રણ વરદાન માગનાર મનુષ્યના જેવી થાય છે. જ્યાં સુધી આપણે આત્મ સંતુષ્ટ—વાસનાહીન ન થઇએ ત્યાં સુધી આપણે કદાપી મુકિત મેળવી શકીયે તેમ નથી. આત્માનો ઉદ્ધાર આત્મા જ છે.

* * *

મનોવિકાસ અને મનઃસંયમ કર્યા પછી મનને તમે પોતાની ઈચ્છાનુસાર કોઇપણ બાજુએ વાળી શકો એમ છો.

એક મુનિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આત્માના છ ભયાનક શત્રુ.

વિઠ્ઠલદાસ મૂ. શાહ.

કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ આત્માના છ શત્રુ છે. એનું નામ અરિષડ્ વર્ગ. આપણને પ્રિય લાગનારી વસ્તુઓ ( સ્ત્રી, પુત્ર, ધન, માન વિગેરે ) મેળવવાની ઈચ્છાને કામ કહેવામાં આવે છે. આપણા વિચારોથી વિપરીત અથવા આપણને ન ગમે તેવું કાર્ય જોઇને મનની જે સ્થિતિ થાય છે તેનું નામ ક્રોધ, અમુક વસ્તુ આપણી પાસે નથી અથવા છે તો ઘણી થોડી છે, તે વધારે થઇ જાય તથા તે ઓછી થવાનો કદિપણ પ્રસંગ ન આવે એ જાતની તૃષ્ણાને લોભ કહે છે. કોઇ પણ વસ્તુ ઉપર આસકત થઇને તેની ઉપર અત્યંત પ્રીતિ રાખવી અને બીજી વસ્તુઓને ભૂલી જવી એનું નામ મોહ છે. હું ઘણો બળવાન છું, વીર ગણાઉં છું, મારા ગુણોની સમાનતા કરનાર બીજો કોઇ નથી, હું ઉચ્ચ ખાનદાન કુટુંબનો છું, મારી પ્રબળ સત્તા છે, મારી જેટલું ધન કોઇની પાસે નથી; મારા બળ, વિદ્યા, માન, પ્રતિષ્ઠા અને ધનની બરોબરી કોણ કરી શકે એમ છે ? વાહ ! શું હું એવા હલકા માણસની સાથે બોલું ? કદિ નહિ. હું એને કદિ નહિ બોલાવું. શું હું એને ઘરે જાઉં ? કદિ નહિ. તે મારી આગળ શી વિસાતમાં છે ? એવા એવા વિચારો મનમાં કરવા એનું નામ મદ અથવા ગર્વ છે. અર્થાત્ હું એક મહાપુરૂષ અને પૈસાદાર છું, મારી જેવો માણસ આખી દુનિયામાં નથી એ પ્રકારનું જે અભિમાન અથવા અહંકાર થાય છે તે મદ કહેવાય છે. બીજાનું ભલું થતું જોઇને આપણા મનમાં દુ:ખ થાય તે મત્સર કહેવાય છે. અર્થાત્ કોઇના સુખ-વૈભવ ન જોઈ શકવા તે મત્સર અથવા બળાપો કહેવાય છે. તેને ઇર્ષ્યા પણ કહેવામાં આવે.

ઉપરોકત છ વસ્તુ મનુષ્યના ગુણ પણ થઈ શકે છે, તથાપિ જો એનો યથાર્થ ઉપયોગ ન કરવામાં આવે તો તે દુર્ગુણ-અવગુણરૂપે પરિણમે છે. જેવી રીતે અગ્નિ લૌકિકમાં એક મહાન દેવતા ગણાય છે, પાંચ મહાતત્ત્વોમાંનું એક તત્ત્વ છે, તેના ગુણો પણ અપાર છે; પરંતુ જો તેનો સાચો ઉપયોગ ન આવડે તો તે કેવળ બાળી નાંખનાર પદાર્થ નીવડે છે અને જો તેનો ઉપયોગ બરાબર સમજપૂર્વક કરવામાં આવે તો એ અગ્નિવડે મોટા મોટા યજ્ઞો થઈ શકે છે, સુંદર સ્વાદિષ્ટ પકવાન્ન બનાવી શકાય છે તથા એવા એવા અનેક મહાન કાર્યો સાધી શકાય છે.

## (૧) કામ.

પૂર્વોકત ષડ્વર્ગનો જ્યાંસુધી સારો ઉપયોગ નથી કરવામાં આવતો ત્યાંસુધી મનુષ્યને કોઈપણ સ્થિતિમાં સુખ મળી શકતું નથી. શાસ્ત્રોમાં કામને વિષયાગ્નિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વરૂપ માનવામાં આવેલ છે, કેમકે એની જ્વાળા વિષ અને અગ્નિથી પણ ભયાનક છે. સંસારમાં કામના પ્રભાવથી મનુષ્યોનું જેટલું અધઃપતન થાય છે તેટલું બીજા કશાથી થતું નથી; પરંતુ એ ત્યારે જ થાય છે કે જ્યારે એનો દુરૂપયોગ કરવામાં આવે છે. જો એ કામ સ્ત્રી, પુત્ર, ધન, માન વિગેરેમાં રાખવામાં આવે તો તે ખરેખર મહા અનર્થનું કારણ બને છે; પરંતુ એજ કામ જો પ્રભુના જ્ઞાનમય સુમધુર સ્વરૂપમાં રાખવામાં આવે અને પરમાત્માના જ સાક્ષાત્કારની ઇચ્છા રાખવામાં આવે તો તે સફળ બનીને મનુષ્યોનો મિત્ર બની જાય અને તેનું કલ્યાણ થઇ જાય. એટલા માટે સાંસારિક વસ્તુઓમાં રહેલી કામની પ્રવૃત્તિને જ્ઞાનરૂપી શીતલ જળવડે શાંત કરી દેવી જોઇએ અને તેને પ્રભુપ્રેમમાં લગાડી દેવી જોઇએ. કહ્યું છે કે:—

**त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः ।**
**कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत्त्रयं त्यजेत् ॥**

કામ, ક્રોધ, અને લોભ એ ત્રણ પ્રકારના નરકનાં દ્વાર છે, એ આપણો નાશ કરનાર છે. એટલા માટે એ ત્રણેનો ત્યાગ કરવો જોઇએ.

## (૨) ક્રોધ.

આ છ પ્રકારના શત્રુઓમાં ક્રોધ સૌથી પ્રધાન શત્રુ છે. શરીરમાં ક્રોધનો વાસ હોય તો પછી બીજા શત્રુની જરૂર જ નથી રહેતી. ક્રોધ સમસ્ત સંસારને વિપક્ષી બનાવી મૂકે છે તથા બધાં સગાંવહાલાંઓને પણ વિકૃત કરી દે છે. ક્રોધ અને વિષધર અજગર એકસરખા છે. જેવી રીતે સર્પ જોઇને મનુષ્ય ડરી જાય છે તેવી રીતે ક્રોધી મનુષ્યોથી પણ લોકો ડરે છે અને ઉદ્વિગ્ન બને છે. ક્રોધી મનુષ્યને હિતાહિતનું જ્ઞાન નથી રહેતું. અનેક મનુષ્યો ક્રોધમાં આવી જઇને આત્મહત્યા કરી નાખે છે. ક્રોધ સાક્ષાત્ કૃતાન્ત સ્વરૂપ છે. ક્રોધી મનુષ્યને કદિ પણ શાંતિ નથી મળતી; તે હંમેશાં અસુખ અને અસ્વસ્થતા અનુભવે છે. શાંતિ નહિ હોવાથી જીવન વૃથા વિડંબનારૂપ થઇ પડે છે તેથી પ્રત્યેક વ્યક્તિએ ક્રોધનો સર્વથા પરિત્યાગ કરવો જોઇએ.

ઠીક, ક્રોધનું સ્વરૂપ ઉપર બતાવ્યું તેવું છે; પરંતુ તે સંબંધમાં એમ વિચાર કરવામાં આવે કે બીજા ઉપર ક્રોધ કરવાનું શું પ્રયોજન ? પોતાની જ મનોવૃતિઓને નીચ કાર્યોમાં પ્રવૃત્ત થતી રોકવામાં ક્રોધ કરવો જોઇએ. એમ કરવાથી મનોનિગ્રહ થશે. અને ક્રોધ સફલીભૂત થઇને મિત્ર તરીકેનું વર્તન કરશે.

**क्रोधो मूलमनर्थानां क्रोधः संसारबन्धनम् ।**
**धर्मक्षयकरः क्रोधस्तस्मात् क्रोधं विवर्जयेत् ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**क्रोधो हि शत्रुः प्रथमो नराणां, देहस्थितो देहविनाशनाय ।**
**यथा स्थितः काष्टगतो हि वह्निः स एव वह्निर्दहते शरीरम् ॥**

## ( ૩ ) લોભ.

લોભના આકાર, પ્રકાર અને સ્વભાવાદિ અતીવ ભીષણ છે. સમસ્ત સંસારના ઐશ્વર્યની પ્રાપ્તિ થાય તો પણ તેની તૃપ્તિ થતી નથી. લોભ કરતાં વધારે મોટું પાપ બીજું એક પણ નથી. લોભથી બુદ્ધિ વિચલિત બને છે અને વિષયલિપ્સા પ્રાદુર્ભૂત થાય છે. વિષયલોલુપ મનુષ્યને કયાંય પણ સુખ નથી મળતું; ખરૂં કહીએ તો સુખ એને છોડીને દૂર ચાલ્યું જાય છે. લોભી મનુષ્ય હમેશાં લુબ્ધ વસ્તુની જ શોધમાં લાગ્યો રહે છે, એટલા માટે લોભી મનુષ્યનું સુખ આકાશ કુસુમવત્ અથવા સ્વપ્ન કલ્પનાવત્ નિતાંત અદૃશ્ય અને અસંભવિત હોય છે તેથી કરીને લોભનો સર્વથા પરિત્યાગ કરવો જોઇએ.

હવે દ્રવ્યોપાર્જનમાં અત્યંત લોભ રાખવામાં આવે છે, તેને બદલે આપણો સંસાર વ્યવહાર સારી રીતે ચાલી શકે એટલું દ્રવ્ય પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખવી અને પછી પરમાત્માના નામસ્મરણ તથા ધ્યાન ચિંતનમાં લોભ વધારવો એ લોભનો સદુપયોગ છે. પ્રભુના નામનું ગમે તેટલું વધારે ને વધારે ભજન-સ્મરણ હોય તો પણ તેમાં કદિ સંતોષ ન માનતાં વધારે ને વધારે ભજન કીર્તન થાય એવો લોભ રાખવો જોઇએ. એમ કરવાથી એ લોભ અદ્વિતીય મિત્રભાવ સિદ્ધ કરે છે. પ્રભુના નામસ્મરણનો મહિમા અગાધ છે. આમ બને તો લોભ ખરાબ નહિ, પણ ઉત્તમ મિત્ર ગણાય.

**लोभमूलानि पापानि, रसमूलानि व्याधयः ।**
**इष्टमूलानि शोकानि, त्रीणि त्यक्त्वा सुखी भव ॥**
**लोभश्चेदगुणेन किं पिशुनता यद्यस्ति किं पातकैः ।**
**सत्यं चेत्तपसा च किं शुचिमनो यद्यस्ति तीर्थेन किं ॥**
**सौजन्यं यदि किं गुणैः स्वमहिमा यद्यस्ति किं मण्डनैः ।**
**सद्विद्या यदि किं धनैरपयशो यद्यस्ति किं मृत्युना ॥**

## ( ૪ ) મોહ.

મોહ તો એક બલા છે. તેમાં ફસાયેલા મનુષ્યને કર્તવ્યાકર્તવ્યનું જ્ઞાન રહેતું નથી. મોહની જાળ સર્વથા વિનાશકારી છે. રૂપ, ધન તથા માનમાં મોહ રાખીને સંસારનાં અન્ય કાર્યો તથા ભગવત્પ્રાપ્તિના પ્રયત્નો ભૂલી જવા એ કરતાં બીજા સ્થળોમાં જરૂર પૂરતો મોહ રાખીને સાચે સાચો સંપૂર્ણ મોહ પરમા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્માના સુંદર મુખારવિંદમાં રાખવો અને તેની મધુરી મૂર્ત્તિ ઉપર મોહિત બનવું એ સર્વશ્રેષ્ટ તેમજ જ્ઞાની પુરૂષનું કર્તવ્ય છે. એમ કરવાથી આ જગતના સઘળાં સુખ દુઃખ આપોઆપ ભૂલાઇ જાય છે. એટલું તો ચોક્કસ છે કે જેના ઉપર આસકિત થાય છે તેની પ્રાપ્તિ જરૂર થાય છે અર્થાત્ જે વસ્તુ નિરંતર ચિત્તમાં વાસ કરી રહે છે, જેની સ્મૃતિ ઘડીભર પણ ભૂલાતી નથી, જે કદિ પણ કોઇ રીતે હૃદયમાંથી નીકળતી નથી, તેની પ્રાપ્તિ એક દિવસ અવશ્ય થાય છે. જો પરમાત્માના સ્વરૂપનું અહોનિશ ચિંતન થતું હશે અને તેના ઉપર પ્રીતિ વધતી જતી હશે તો તે મનુષ્ય એક વખત તેવો થશે.

જે મનુષ્ય પરમાત્માના આત્મદર્શન કરવા ચાહતો હોય, જે હમેશાં સાચું સુખ ભોગવવા ઇચ્છતો હોય, જે ભવબંધનમાંથી છૂટવા ઇચ્છતો હોય તેણે કાંચન કામિનીમાં આસક્તિ બિલકુલ રાખવી ન જોઇએ. જે માણસ તેની અંદર મનને લગાવી રાખે છે તેને કદિપણ સિદ્ધિ નથી મળતી. ભગવાન તેનાથી દૂર રહે છે.

જો મનુષ્ય દુઃખોથી દૂર રહેવા ચાહતો હોય. આત્યંતિક સુખ પ્રાપ્ત કરવા ચાહતો હોય તો તેણે અનિત્ય અને નાશવંત પદાર્થોથી અલગ રહેવું જોઇએ, તેની અંદર મોહ ન રાખવો જોઇએ. સ્ત્રી પુત્ર, ધન, યૌવન અને સ્વામિત્વ વિગેરે સઘળું અનિત્ય છે. એ બધું આજે છે અને કાલે ન રહે એવો સંભવ છે. સ્ત્રી, પુત્ર વિગેરે સંબંધીઓ આપણા હંમેશનાં સંગાથી નથી. આજે આપણે અને તેઓ ધર્મશાળાના મુસાફરોની માફક ભેગા થયા છીએ, પણ ફરી કદિ ભેગા થવાની આશા નથી. આજે એ બધાનો સંયોગ થયો છે, તો કાલે એ બધાનો વિયોગ જરૂર થવાનો. એ તો શું પણ જે કાયાને આપણે સૌથી અધિક ચાહીએ છીએ, જેનું ખૂબ રક્ષણ કરીએ છીએ, જેને સ્વચ્છ સુંદર રાખવાના પ્રયત્નો કરીએ છીએ તે પણ એક દિવસ આપણાથી અલગ થઈ જવાની. એક ક્ષણમાં જન્મ થાય છે, બીજી જ ક્ષણે નાશ થાય છે. જે અજ્ઞાની મનુષ્ય એવા નાશવંત પદાર્થો ઉપર રાગ કરે છે તેને દુઃખોના ખાડામાં જરૂર પડવું પડે છે. એટલામાટે બુદ્ધિમાન વિચારવંત ડાહ્યા મનુષ્યે લોક-પરલોકની અસારતા તથા સંયોગ–વિયોગનો વિચાર કરીને અનિત્ય પદાર્થો ઉપર પ્રેમ ન કરવો જોઇએ. તેણે તો હંમેશાં નિત્ય, અવિનાશી પરમાત્મા સાથે જ પ્રેમ કરવો જોઈએ; એજ પ્રેમ તેને ભવસાગરથી પાર ઉતારનાર દ્રઢ નૌકા સમાન છે. માટે મિથ્યા મોહમાં ફસાઇને આ દુર્લભ મનુષ્યદેહ એળે ન ગુમાવો. જુઓ, માથે કાળ નાચી રહ્યો છે, એક શ્વાસોશ્વાસનો પણ વિશ્વાસ ન કરો. તેથી ગફલત છોડીને, આ દેહને ક્ષણભંગુર સમજીને બીજાનું બને તેટલું ભલું કરો અને માત્ર પરમાત્મામાં જ મન લગાડો; કેમકે એનો જ સંબંધ સાચો છે અને બીજા સર્વ સંબંધ ખોટા છે.

ચાલુ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ્રકીર્ણ.

વિશ્વ અનાદિકાળનું હોવાથી તેના ઉપર અનેક ઇતિહાસો લખાયા અને ભુંસાયા; તેમજ વર્તમાનના અહિંસાત્મક અસહકાર આઝાદીની હિંદી પ્રજાની રાજ્ય સાથે ચાલતી અપૂર્વ લડતનો ઇતિહાસ જગતના પાનાપર અલૌકિક રીતે લખાશે અને ભવિષ્યમાં દુનિયાની કોઇપણ પ્રજા તે વાંચી અજાયબ થશે. હથીઆર વિનાની પ્રજા સામે તેની અહિંસાત્મક શાંત લડત સામે કોઇપણ રાજ્ય કે પ્રજા હથીયાર ઉપાડે તો તે ન્યાયનીતિની લડત કહેવાય નહિં. તેમ કુદરત પણ તેની કસોટી કરી જામેલી સત્તાના પાયા ઢીલા કરે અથવા તેને છેવટ નમતું આપવું પડે, તેવો પલટો કુદરતી રીતે થયા સિવાય રહેતો નથી તેટલુંજ નહિં, પરંતુ અહિંસાત્મક લડત લડનારી પ્રજાને કુદરતી રીતે નવીન ચેતના શકિત પણ પ્રાપ્ત થયા સિવાય રહેજ નહિં. તેટલુંજ નહિં પરંતુ તે પ્રજાનો સર્વાંગે વિકાસ થતાં અનેક આઘાત પ્રત્યાઘાતોમાંથી પસાર થવું પડે. આવી કસોટીનો વખત અત્યારે હિંદને આવ્યો છે. આજે ત્રણ ત્રણ માસ થયા સામે ચાલી રહેલી રાક્ષસી ત્રાસનીતિ સામે વિજય મળતો જાય છે. જેમ જેમ ચળવળને દબાવવા હિંદી સરકાર અનેક નવા નવા કાયદાના શસ્ત્રો ફેંકે છે તેમ તેમ વ્યાપારીઓ પોતાની આવક અને ધંધાને ભોગે અહિંસાત્મક લડતની પડખે ઉભા રહી સામે ઉભા રહી તેઓ પણ કસોટીમાંથી પસાર થતા જાય છે. એક બાજુ દેશમાં ચોતરફ શાંતિને સ્થાને અશાંતિ, સમૃદ્ધિ ને બદલે દીનતા અને દિવસાનુ દિવસ કરૂણા જનક, ત્રાસદાયક કરૂણ વાતાવરણ સંભળાતા જણાતા હોય તેવા હિંદના અમંગળ પ્રસંગે જૈનકોમ જમણો કે તેવા આનંદના પ્રસંગો ઉજવે તે નજ શોભે, તેને માટે ઉચિત અનુચિત પ્રસંગ વિચારવાની જરૂર છે. હિંદની પ્રજા માંહેલા અનેક આપણા બંધુઓ—જેમાં આપણા જૈનબંધુઓ પણ છે તેઓ જેલમાં સબડતા હોય, અનેક ઉપર ત્રાસદાયક માર પડતો હોય, સમાજમાં વધી પડેલી બેકારી દેખાતી હોય, દેશની ડામાડોળ સ્થિતિ અને હૃદયને કંપાવી નાંખે તેવો ત્રાસ વર્તી રહ્યો હોય ત્યારે સમાજમાં ઉપરોકત પ્રસંગો કરવા તે તો હૃદયની નિષ્ઠુરતા—દયા હિનતાપણુંજ ગણાય. પરંતુ સમય ઓળખી હિંદની જૈન સમાજે આ વખતે હિંદની આ અહિંસક લડતને તન મન ધનથી ટેકો આપી, સમય ઓળખી તેવા પ્રસંગોએ તે બંધ કરી થતા ખર્ચોની રકમ આ અહિંસાત્મક આઝાદી—દેશની મુકિતના કોઇપણ કાર્યમાં મોકલી આપી પ્રજા તરીકેનું પોતાનું કર્તવ્ય ચુકવું ન જોઇએ.

## સુધારો.

આત્માનંદ પ્રકાશ અંક ૧૦ માં લેખ પાટણના જૈન જ્ઞાનભંડારો—લેખક મગનભાઇ ભા. આમીન. પા. ૨૫૪ લીટી ૧૯ મી. ઉદયનામા મંત્રી તથા બીજા આગેવાનો પાટણથી આ ભંડાર ખસેડી જેસલમેર લઇ ગયા હતા, પરંતુ અજયપાળ રાજાના વખતમાં ઉદયનમંત્રી હતા નહિં જેથી ઉદયનમંત્રીયે ખસેડયો તે વાત સંભવતી નથી.” આ પ્રમાણે પરમ કૃપાળુ મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજે સુધારો છાપવા માટે કરેલી આજ્ઞા માટે આભારી છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વીકાર–સમાલોચના.

૧ **સ્તવનાદિ સંગ્રહ**—આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીકૃત, પ્રકાશક ગાંધી આત્મારામ ખેમચંદ તથા સંઘવી કેશવલાલ નાગજીભાઇ સાણંદ કિંમત પાંચ આના. આચાર્ય શ્રી બુદ્ધિસાગરજી મહારાજની કૃતિના ગ્રંથમાળાના જુદા જુદા ગ્રંથોમાંથી ચૂંટણી કરી આ લઘુગ્રંથ રૂપે પ્રકટ કરવામાં આવેલ છે. આ પુસ્તકમાં ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિયો, સજઝાયો, કાવ્યો, ભજનો વગેરે કે જેનો આ લઘુ પુસ્તકમાં સમાવેશ કરેલ છે તે ભાષા સરલ, પદો રસિક છે. ઉક્ત આચાર્યશ્રીની કૃતિના પદો, સ્તવનોના સારા ગુજરાતમાં જૈન અને જૈનેતરે તેનો લાભ લે છે. યાત્રાના સ્થળોએ ભક્તિ માટે એક સારૂં સાધન છે.

---

૨ કોઠારી મગનલાલ બૂરાભાઇ **શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થીભવન લીંબડી.** આઠથી અગીયારમાં વર્ષ સુધીનો અહેવાલ પ્રકટકર્તા—શાહ ભગવાનલાલ હરખચંદ તથા મોહનલાલ ભૂરાભાઈ દોશી માનદ્ મંત્રીઓ. આ સંસ્થાની ચારવર્ષની કાર્યવાહીનું સવિસ્તર વર્ણન આવક જાવક, હિસાબ સરવૈયા સાથે આ રીપોર્ટમાં આપવામાં આવેલ છે. કાઠીયાવાડમાં ઝાલાવાડ પ્રાંત જ્યારે કેળવણીમાં પછાત હતો અને જે વખતે જરૂરીયાત હતી, તેવા વખતે આ છાત્રાલયનો જન્મ આપનારા બંધુઓએ ઝાલાવાડમાં કેળવણીદ્વાર ખુલ્લું કર્યું એમ કહી શકાય લીંબડી શહેરના જૈન ભાઇઓનો તેને માટે એક સરખો ઉત્સાહ, કાર્યવાહક કમીટીની દિવસાનુદિવસ વધતી જતી ખંત અને લાગણી–સેવા અને રાજ્યની સહાય અને પ્રેમ એ ત્રિપુટીથી જ આ સંસ્થા તેના રિપોર્ટમાં બતાવ્યા પ્રમાણે દિવસાનુદિવસ પ્રગતિ કરી રહી છે. જૈનોની વસ્તીવાળા પ્રાંત, જીલ્લા કે સારી વસ્તીવાળા શહેરમાં દરેક સ્થળે આવા વિદ્યાર્થી ભવનોની જરૂર છે એમ હવે જૈન પ્રજા જાણી ચુકી છે. આ વિદ્યાર્થીભવનના રીપોર્ટમાં દરેકે દરેક હકીકતો આપેલી હોવાથી તેના જિજ્ઞાસુઓને માહિતી મળવા સાથે તેના અભ્યાસીઓ તેની વિશેષ ઉન્નતિ માટે સૂચનાઓ પણ કરી શકે ! સુંદર જિનાલય અને વાંચનાલય વગેરેનો પણ સારો લાભ લેવાય છે, તેમ રીપોર્ટ પરથી જણાય છે. ધાર્મિક શિક્ષણ અને સામાન્ય રીતે સંગીતનો અભ્યાસ પણ વિદ્યાર્થીઓને કરાવાય છે તે યોગ્ય છે. રીપોર્ટમાં જણાવ્યા પ્રમાણે કાર્યવાહકોએ ભવિષ્યના કેટલાક મંતવ્યો આ સંસ્થામાં દાખલ કરવાના જણાવ્યા છે તે અધિષ્ઠાયક દેવો પાર પાડે તેમ ઇચ્છીયે છીયે. સુપરીન્ટેન્ડેન્ટ મી. દલપતરાય વિઠ્ઠલદાસ મહેતા પણ ઉત્સાહી અને ખંતીલા છે. વ્યવસ્થા યોગ્ય છે, વહીવટ ચોખવટવાળો છે. એકંદર રીતે સુવ્યવસ્થિત કાર્યવાહી છે. દરેક જૈન બંધુઓએ યથાયોગ્ય મદદ આપવાની જરૂર છે, ભવિષ્યમાં અમો તેમની ઉન્નતિ ઇચ્છીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મુનિરાજ શ્રી ઉત્તમવિજયજી મહારાજનો સ્વર્ગવાસ.

ગયા માસની તા. ૨૦ મીના રોજ રાત્રિના સાડા આઠ વાગતે લાંબા વખતની બિમારી ભોગવી મુનિરાજશ્રી **ઉત્તમવિજયજી** મહારાજ સમાધિ પૂર્વક કાળધર્મ પામ્યા છે. ઉક્ત મહાત્માની જન્મભૂમિ પાટણ હતી. અને તેઓશ્રી પ્રાતઃસ્મરણીય શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજના શિષ્ય હતા. પચાશ વર્ષ ઉપરાંત નિરતિચારપણે ચારિત્રનું પાલન કર્યું હતું. વર્તમાન કાળમાં વયોવૃદ્ધ શાંત, દીર્ઘકાળ દીક્ષીત મહાપુરૂષોની ખોટ પડતી જાય છે. મુનિરાજ શ્રી ઉત્તમવિજયજી મહારાજ ભદ્રિક પરીણામી મીલનસાર અને ચારિત્રપાત્ર મુનિવર હતા. તેઓશ્રીના સ્વર્ગવાસથી મુનિમંડલ અને ભાવનગરના જૈનસંઘમાં એક મુનિરત્નની ખોટ પડી છે. મહારાજશ્રીના નિર્વાણ મહોત્સવ સારી રીતે કરી ભાવનગર જૈનસંઘે સારી ગુરૂભકિત કરી છે. સમયને અનુસરી સ્વદેશી વસ્ત્ર–ખાદી અને સુવર્ણના પાનાથી માંડવીને શણગારવ માં આવી હતી જે દાખલો બેસાડયો હતો. આબાલવૃદ્ધ સર્વ કોઇએ સ્મશાન યાત્રામાં ભાગ લીધો હતો. તેઓ શ્રીની છેલ્લી ભકિત નિમિતે મોટા જિનાલયમાં જેઠ વદી ૧૩ થી અઠ્ઠાઇ મહોત્સવ શરૂ કરેલ છે. તેઓશ્રીના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીયે.

# મુનિરાજ શ્રી હેમવિજયજી મહારાજનો સ્વર્ગવાસ.

ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદ સૂરિશ્વરજીના સમુદાયના શાંતમૂર્તિ મુનિરાજશ્રી હંસવિજયજી મહારાજના શિષ્ય મુનિરાજશ્રી **હેમવિજયજી** મહારાજ અકસ્માત ઘોડાના વગાડવાથી માત્ર આઠ દિવસની બિમારી ભોગવી તા. ૪–૭–૩૦ ના રોજ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. ઉકત મહાત્માશ્રી શુમારે પાંત્રીશ વર્ષના દીક્ષિત હતા. છેવટ સુધી નિરતીચારપણે સંજમવહન કર્યું હતું. સ્વભાવે સરલ, શાંત ક્રિયાપાત્ર અને ભદ્રિક પરિણામી હતા. તેઓના સ્વર્ગવાસથી એક મુનિરત્નની ખોટ પડી છે. તેમના પવિત્ર આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થાઓ એમ પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## શ્રી ચંદ્રપ્રભુસ્વામીનું ચરિત્ર.

પ્રભુજીના પ્રથમ ગણધર દત્તના પૂર્વભવનું અલૌકિક વૃત્તાંત, શ્રી ચંદ્રપ્રભસ્વામીના ત્રણ ભવોનું સુંદર અને મનોહર ચરિત્ર, સાથે દેવોએ કરેલ પ્રભુના જન્મમહોત્સવ વગેરે પંચકલ્યાણકોનું અને તે વખતની અપૂર્વ ભક્તિનું રસિક, ચિત્તાકર્ષક અને વિસ્તારપૂર્વક વર્ણન, પ્રભુજીએ દાન, શીયલ, તપ, ભાવ, બારવ્રત અને તત્ત્વો ઉપર અપૂર્વ દેશના સાથે જણાવેલ અનેક કથાઓ, વિવિધ ઉપદેશથી ભરપૂર એકંદર ત્રીશ બોધપ્રદ કથાઓથી ભરપૂર આ ચરિત્રની રચના છે. ક્રાઉન સોળ પેજી ચારશેંહ પાનાનો ઉંચા એન્ટીક પેપર ઉપર, સુંદર ગુજરાતી ટાઇપમાં છપાઇ, સુંદર બાઇંડીંગથી અલંકૃત કરેલ આ ગ્રંથ છે. કિંમત રૂા. ૧–૧૨–૦ ]

---

( पूज्य श्री संघदासगणि–वाचकनिर्मितं. )

## ॥ श्री वसुदेवहिण्डि प्रथमखण्डम् ॥

સંપાદકો તથા સંશોધકો–આચાચાર્ય ન્યાયાંભોનિધિ શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી શિષ્ય-રત્ન પ્રવર્ત્તકજી મહારાજશ્રી કાન્તિવિજયજી મહારાજના શિષ્ય પ્રશિષ્યો મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજ તથા મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ.

આ ગ્રંથના પ્રથમ ખંડનો પ્રથમ અંશ મૂળ ( પ્રાકૃત ) ભાષામાં આજે પ્રકટ થાય છે. આ પ્રથમ અંશમાં સાત લંભકો આવેલા છે. આ ખંડના કર્તા મહાત્માનો પરિચય અને તે કેટલો ઉચ્ચ કોટીનો છે તે બીજા ભાગમાં આપવામાં આવશે. આ ગ્રંથ જૈનોના પ્રાચીનમાં પ્રાચીન કથા સાહિત્યમાંનું એક અણમોલું રત્ન છે. અનેક પૂજ્યોમાં, ગ્રંથો વિગેરેમાં ઘણે સ્થળે આ ગ્રંથની સાક્ષી અપાય છે; કે જે પ્રકટ થવાની જૈનેતર સાક્ષરો, જૈનધર્મના યુરોપીયન અભ્યાસીઓ અને વિદ્વાન મુનિ મહારાજાઓ તરફથી રાહ જોવાતી હતી. આ ગ્રંથના ઉત્તરોત્તર ભાગો છપાયે જાય એવા ઉદ્દેશથી આ ગ્રંથની કિંમત રૂા. ૩–૮–૦ સાડા ત્રણ રૂપૈયા રાખેલ છે. ઉંચા ક્રોક્ષલી લાયન બ્લુલેજર પેપર ( કાગળ ) ઉપર, નિર્ણયસાગર પ્રેસમાં સુંદર શાસ્ત્રી વિવિધ ટાઇપો [ અક્ષરો ] માં છપાવેલ છે. ઇતિહાસિક પ્રાચીન કથા સાહિત્યના આ ગ્રંથનું ગુજરાતી ભાષાંતર કરાવી પ્રકટ કરવા આ સભાની ઇચ્છા છે, મનુષ્યજન્મનું સાર્થક કરવાની ઇચ્છાવાળા બંધુએ લાભ લેવા જેવું છે. તેમની ઇચ્છા પ્રમાણે સીરીઝ તરીકે, અડધી કિંમતે, કે ભેટ તરીકે સભા તે તે રીતે સાહિત્ય પ્રકટન અને પ્રચાર કરવાનો પ્રબંધ કરી શકશે.

---

## શ્રીવિમલનાથ પ્રભુનું ચરિત્ર.

શ્રી વિમળનાથ મહારાજના પૂર્વભવો સહિતનું સંપૂર્ણ ચરિત્ર, સાથે ધર્મનો પ્રભાવ, ભેદો, શ્રાવકના વ્રતોના અધિકાર અને જૈનધર્મના શિક્ષણનો સુંદર ઉપદેશ વિવિધ પાંત્રીશ કથાઓ સહિત આપેલ છે. ગ્રંથની રચના અલૌકિક હોઇ વાચકના આત્માને શાંત રસ પ્રગટાવી, મોક્ષ સન્મુખ લઈ જાય છે. આ સાડા ત્રણશેંહ પાનાનો ગ્રંથ સારા કાગળો ઉપર સુંદર ગુજરાતી ભાષામાં છપાવી કપડાના બાઇંડીંગથી અલંકૃત કરેલ છે. કિંમત રૂા. ૧–૧૨–૦ પોસ્ટેજ જુદું.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી. રામનારાયણ પાઠક.

" ગુજરાતની યુવાન સૃષ્ટિમાંથી ભૂતકાળના વૃદ્ધોને શાણપણનો નમૂનો જોઈતો હોય તો શ્રી રામનારાયણ પાઠકનું જ નામ દઈએ. બધી બાબતનો સરખો તોલ કરીને નિર્ણય બોલે. બધાનું સમાધાન થાય અને કોઇને કટુતાનો સ્પર્શે ન થાય એવી રીતનો વાણી પ્રયોગ એકલા બટુભાઇને જ આવડયો છે. એમને રામનારાયણ પાઠક કરતાં જેઓ બટુભાઈ તરીકે ઓળખે છે તેં એ વાણી પ્રયોગનાં ઊંડાં મૂળ તેમના હ્રુદયની મીઠાશ સુધી પહોંચેલાં જોઇ શકે છે. નિખાલસ, સરળ અને મધુર સ્વભાવના બટુભાઇ ગુજરાતના અગ્રેસર સાક્ષર અને વિદ્વાન તો છે જ, પરંતુ એક સમર્થ વિચારક તરીકે પણ એમનું સ્થાન અનોખું જ છે. એક વાર તેમણે જ કોઇ પ્રસંગે કહેલું કે ગુજરાતને આજે સૌથી વધારે જરૂર હોય તો વિચારકોની છે. જે દેશને ઝાઝા વિચારકો મળી રહે છે તે દેશનો વિકાસ સૌથી વધુ થાય છે. તેમને વાંચેલા વિચારોની પુનરાવૃત્તિ ગમતી નથી. પોતાના જ વિચારોની વેલોની વેલો ઉગાડવામાં તેમને બહુ આનંદ પડતો હોય એમ લાગે છે. સંસારી તરીકે એમણે બધી જંજાળો આટોપી લીધા પછી મોટે ભાગે તેઓ વિચારક તરીકે જીવન ગાળે છે. અભ્યાસ અને સંશોધન પણ પોતાના વિચારોના સમર્થન માટે જ કરતા હોય એમ લાગે છે. પ્રૌઢ અને ચિંતનશીલ જીવન માટે એટલું બધું મમત્વ હોવા છતાં જ્યારે દેશના ધર્મયુદ્ધ કાજે મહાત્માજીએ ધીર વીરોને સાદ દીધો ત્યારે બટુભાઇએ પોતાનું નામ આપતાં જરાય વિલંબ કર્યો નહિ. એ રીતે પોતાના પ્રિયમાં પ્રિય વિષયનો પણ ભોગ આપી તેઓ ધોળકા તાલુકામાં લડતનું કામ કરવા જોડાઇ ગયા. ગુજરાતમાં અત્યાર સુધી સાક્ષરો કે વિદ્વાનો માત્ર પુસ્તકો લખી જાણનાર નિષ્ક્રિય જીવો ગણાતા હતા તે વાત તેમણે ખોટી પાડી અને ધોળકા ધંધુકાની વસ્તીને ખાતરી થઇ ગઇ કે બટુભાઇ જેવા સાક્ષરોમાં પણ વ્યવસ્થા, ચીવટ અને કામની યોજના કોઈ પણ વ્યવહારકુશળ માણુસ જેવી જ છે. તેમના કામની સંગીનતા સરકારને ખુંચી એટલે જ તેમને પોતાની જેલના અતિથિ તરીકે ખેંચી લીધા. "

શ્રી. રવીશંકર રાવળ.

For Private And Personal Use Only